

## ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વમાં સતત કાર્યશીલ રહીને બનાસ ડેરી દ્વારા નવા પ્લાન્ટનો વિસ્તાર થઈ રહ્યો છે

વ્હે પ્લાન્ટ, બનાસ ડેરી, પાલનપુર

પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંકઃ ૪ | એપ્રિલ-૨૦૨૩

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**ભવિષ્યનું આયોજનઃ**
બનાસ ડેરીએ કર્યું વર્ષ ૨૦૩૩ સુધીનું વિકાસલક્ષી સજ્જડ આયોજન

**પરિવર્તનના માર્ગે બનાસઃ**
દૂધ ભરાવતા ખેડૂત આજે મધ ભરાવતા થયા

**સામાજિક પહેલઃ**
બનાસકાંઠા જિલ્લાને વ્યસનમુક્ત કરવા બનાસ ડેરી સક્રિય



## બનાસ ડેરી, પાલનપુરના વ્હે પ્લાન્ટની ક્ષમતાનો વિસ્તાર કરવામાં આવ્યો

# મંથન ૨૦૨૩ – દિશા નિયંત્રણ વર્કશોપ

**બનાસ ડેરીને વિશ્વ ફલક પર પહોંચાડવા અને સ્વ. શ્રી ગલબાકાકાએ બતાવેલા વિઝનને સાકાર કરવાની દિશામાં નવા વિચારો સાથે આગળ વધવાના અભિગમ સાથે ત્રણ દિવસ માટે આણંદ ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં મંથન ૨૦૨૩ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**સહકારી ક્ષેત્રે નવા નવા પડકારોનો સામનો કરી નવા આવિષ્કારોનું સર્જન કરી પશુપાલકોનાં કલ્યાણ કરવાની દિશામાં આગળ વધવા માટે પૂરતું માર્ગદર્શન ચેરમેનશ્રી પાસેથી પ્રાપ્ત કરાયું તેમજ જુદા જુદા વિષયના નિષ્ણાતો દ્વારા પણ સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી.**



## બનાસ ડેરીએ કર્યું બનાસકાંઠાનું ભાવિ નિર્ધારિત વર્ષ ૨૦૩૩ સુધીનું વિકાસલક્ષી સજ્જડ આયોજન

ભવિષ્યનું આયોજન અત્યારથી કરવામાં આવે તો સમયની સાથે ચાલવાની શક્તિ અને વિકાસ તેમજ વૃદ્ધિમાં ગતિ પ્રાપ્ત થાય છે. આ પરિકલ્પના છે માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની. અત્યારથી નક્કી કરેલા હેતુ, લક્ષ્યો અને આયોજન આપણા બનાસકાંઠા વિસ્તારનું ભાવિ નિર્ધારિત કરશે તેમજ સુઆયોજિત બનાસ ડેરી જ જનતાનો વિકાસ અને વૃદ્ધિ કરશે. બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલે પશુપાલકો, ખેડૂતો અને બનાસકાંઠા જિલ્લાના છેવાડાના ગામમાં રહેતી કોઈ વિધવા બહેન દાતરડાના હાથા પર સ્વમાનભેર જીવન ગુજારી શકે તેવા ધંધા વિકસાવવા માટે રોપેલું બીજ આજે વટવૃક્ષ બનીને લાખો લોકોને ખરા તાપમાં મીઠો છાંયડો આપે છે, પરંતુ હવે એશિયાના સૌથી મોટા આ વિશાળ વટવૃક્ષરૂપી બનાસ ડેરીને યોગ્ય દિશા આપીને વિશ્વમાં સૌથી મોટી ડેરી બનાવવી છે ત્યારે કઈ રીતે આગળ વધવું, કઈ રીતે કામ કરવું, કયાં પગલાં ભરવાં એ સંદર્ભે તેમજ કર્મચારીઓને તાલીમ આપી કલા-કૌશલ્ય અને આવડતને ઘડવા અમુક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર મંથન કરવાના ભાગરૂપે સંઘના વહીવટીતંત્ર દ્વારા એન.ડી.ડી.બી. આણંદ ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, ‘મંથન ૨૦૨૩ - દિશા નિયંત્રણ વર્કશોપ’નું આયોજન કરવામાં આવ્યું હતું. મંથન ૨૦૨૩ -દિશા નિયંત્રણ વર્કશોપ એ ઓરિજિનલ જાપાની ભાષાના હોશિન કાનરી નામના શબ્દમાંથી પ્રેરણા લઈને યોજવામાં આવ્યો હતો. હોશિન કાનરી વ્યૂહાત્મક આયોજન પ્રણાલીનો ઉદ્ભવ ભૂતકાળમાં યુદ્ધ થયા પછી જાપાનમાં થયો હતો, પરંતુ ત્યારથી તે યુ.એસ. અને સમગ્ર વિશ્વમાં ફેલાયો છે. જાપાનીઝમાંથી અનુવાદિત હોશિન કાનરીનો યોગ્ય અર્થ થાય છે ‘હોકાયંત્ર સંચાલન’. વ્યક્તિગત શબ્દો ‘હોશિન’ એટલે દિશા અને ‘કાનરી’નો અર્થ નિયંત્રણ થાય છે. હોશિન કાનરી એ સુનિશ્ચિત કરવા માટેની એક પદ્ધતિ છે કે કંપનીના વ્યૂહાત્મક ધ્યેયો તે કંપનીની અંદર દરેક સ્તરે પ્રગતિ અને કાર્યવાહી કરે છે. આ પદ્ધતિ અસંગત દિશા અને નબળા સંચારથી આવતા કચરાને દૂર કરે છે, જેનો અર્થ થાય છે દિશા નિયંત્રણ, નીતિ જમાવટ અને સફળતાનો માર્ગ. હોશિન કાનરીને સફળ થવા માટે વ્યૂહાત્મક દૃષ્ટિની જરૂર છે.






છેલ્લાં સાત-આઠ વર્ષમાં માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસકાંઠા વિસ્તાર, પશુપાલકો, ખેડૂતો અને બનાસ ડેરીનો આયોજનબદ્ધ રીતે વિકાસ કરવામાં આવ્યો છે. અગાઉના સમયમાં પણ સંઘનો વિકાસ થયો હતો, પરંતુ જો આયોજનબદ્ધ રીતે વિકાસ કરવામાં આવ્યો હોત તો વિશ્વમાં બનાસ ડેરીની સ્થિતિ સંપૂર્ણપણે અલગ જ હોત. આજના આધુનિક ભારતના ઝડપી માહોલમાં સુઆયોજિત ગ્રામ્ય વ્યવસ્થા, સંસ્થા અને સહકારી ક્ષેત્ર એ સમયની માગ છે. ચેરમેનશ્રીએ જિલ્લાનાં તમામ ગામડાંઓ, મહિલા સશક્તીકરણ, પશુપાલકો-ખેડૂતોનો વિકાસ તેમજ ટેક્નોલોજીનો સમાવેશ કરીને પશુપાલન વ્યવસાય, એનર્જી ક્ષેત્રને ગતિ આપવી એ બનાસકાંઠાના વિકાસનાં મુખ્ય પરિબળો છે તે વાતને બનાસ ડેરીના મંથન-૨૦૨૩ વર્કશોપ કાર્યક્રમમાં રેખાંકિત કરાઈ હતી. ચેરમેનશ્રી દ્વારા આગામી દશ વર્ષ એટલે કે ૨૦૩૩ સુધીના હેતુ, લક્ષ્ય અને આયોજન પર દિશા નિયંત્રણ નક્કી કરીને સુનિયોજિત બનાસ ડેરીને વેગ પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો હતો.

માનનીય ચરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને બનાસ ડેરીના નિયામક મંડળની

વિશેષ ઉપસ્થિતિમાં એન.ડી.ડી.બી., આણંદ ખાતે આયોજિત મંથન ૨૦૨૩- દિશા નિયંત્રણ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે આવનારાં ૧૦ વર્ષમાં એટલે ૨૦૩૩ સુધી બનાસ ડેરીના ભવિષ્યને કેવું બનાવવું, કઈ દિશામાં લઇ જવું, પ્રગતિની ગતિ, વિકાસની ગતિ અને સમૃદ્ધિની યાત્રાને કઈ રીતે મજબૂત, સજ્જ અને અતૂટ આયોજન સાથે આગળ લઇ જવી તે નક્કી કરવાનો હતો. આ ત્રણ દિવસના મંથન ૨૦૨૩-દિશા નિયંત્રણ વર્કશોપમાં ભવિષ્યને ધ્યાનમાં રાખીને કેટલાંય પગલાં લેવામાં આવ્યાં, અલગ અલગ મુદ્દાઓ, વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રથમ દિવસના વર્કશોપની થીમ “હેતુ અને દૃષ્ટિ વર્કશોપ”–(પર્પઝ અને વિઝન વર્કશોપ) હતી. બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલનો મુખ્ય હેતુ જિલ્લાના છેવાડાના ગામમાં રહેતી કોઈ વિધવા બહેન દાતરડાના હાથા પર સ્વમાનભેર જીવન ગુજારી શકે તેવા ધંધા વિકસાવવાનો હતો. વર્ષોથી ચાલતી આવતી બનાસ ડેરીએ એવાં તો કેટલાય વિકાસનાં કાર્યો કર્યાં છે કે જેના કારણે બનાસકાંઠા જિલ્લાનો એક-એક ખેડૂત અને તેનો પરિવાર રોજગારી પ્રાપ્ત કરીને સ્વમાનભેર જીવન જીવતો થઇ ગયો છે, જેના કારણે સ્વ. શ્રી ગલબાકાકાએ બનાસ ડેરીની સ્થાપના પાછળ રાખેલો હેતુ આજે સર્વાંગી રીતે સાકાર થઇ ગયો છે, પરંતુ સમય સાથે હેતુ પણ બદલવો પડે. નવા યુગમાં નવી અપેક્ષા, આશાઓ અને આકાંક્ષાઓ રાખીને હેતુ નક્કી કરવાનો હોય છે એટલે પ્રથમ દિવસે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, નિયામક મંડળ અને અધિકારીશ્રીઓ એ સાથે મળીને બનાસ ડેરીનો નવો હેતુ રાખી તેને પામવા માટેનું મંથન કર્યું, સાથે મળીને સવિસ્તાર ચર્ચા કરી અને મહાનુભાવો પાસેથી મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

પ્રથમ દિવસના વર્કશોપમાં બનાસ ડેરીનાં આગામી ૧૦ વર્ષ માટેનો હેતુ નક્કી કરીને તેનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. મંથન ૨૦૨૩ ના બીજા દિવસે બનાસ ડેરી સાથે સંકળાયેલા એન.ડી.ડી.બી.ના સભ્યશ્રી, ફેડરેશનના સભ્યશ્રી અને સંસ્થાના હિતધારકોની વિચારણા શું છે, ડેરીની અત્યારની સ્થિતિ સંદર્ભે એમનું મંતવ્ય શું છે અને તેઓ શું ઈચ્છે, આ બધા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ચર્ચા કરવામાં આવી હતી. આ તમામ બાબતોને કેન્દ્રસ્થાને રાખીને બનાસ ડેરીએ જે TQM પદ્ધતિ અપનાવી છે. આ ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ (TQM) એ મેનેજમેન્ટનો અભિગમ છે, જે ગુણવત્તાયુક્ત સેવાઓની સતત ડિલિવરી દ્વારા અપ્રતિમ ગ્રાહક સંતોષ પ્રદાન કરીને લાંબા ગાળાની સફળતા પ્રદાન કરવાનો પ્રયાસ કરે છે. TQMના આઠ સિદ્ધાંતો છે ગ્રાહક ફોકસ, કર્મચારીની ભાગીદારી, સંકલિત સિસ્ટમ, પ્રક્રિયા-કેન્દ્રિત અભિગમ, વ્યવસ્થિત પ્રવાહ, સતત પ્રયત્નો, હકીકત આધારિત નિર્ણય અને સંબંધ વ્યવસ્થાપન. ઉત્પાદન પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે સંસ્થાએ તેમને સમજવું આવશ્યક છે. બનાસ ડેરીએ આ પદ્ધતિને “બેસ્ટ” નામ આપ્યું છે.

વિશ્વના ઘણાબધા દેશો તેમજ સંસ્થાઓએ TQM પદ્ધતિ અપનાવીને શ્રેષ્ઠ કાર્યો અને વિકાસ કર્યો છે, એટલા માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ આ TQM પદ્ધતિને પોતાની રીતે ઘડીને ડેરીની કામગીરીમાં સમાવેશ કરવા માટે પ્રયાસ કર્યો છે, જેના સંદર્ભે વર્કશોપના બીજા દિવસે વાત કરવામાં આવી હતી, જેના અંતર્ગત ભારત દેશમાં TQM પદ્ધતિ થકી સરાહનીય કામગીરી માટે એવોર્ડ પ્રાપ્ત કરનારા શ્રી સુંદર રાજનજીએ વર્કશોપમાં ઉપસ્થિત રહીને TQM સંદર્ભે સૌના સાથે સંવાદ કર્યો હતો તેમજ જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હંમેશાં શ્રેષ્ઠ પ્રાપ્ત કરવામાં મુશ્કેલીઓ આવશે, પરંતુ તેની સામે ટકી રહેવા, તેનો સામનો કરવા આપણે તૈયાર રહેવું પડશે. વધુ એમણે કહ્યું હતું કે TQM પદ્ધતિથી સફળતા પ્રાપ્ત કરી શકાય, શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકાય, પરંતુ શ્રેષ્ઠ કે બેસ્ટ એ આપણા રોજિંદા કાર્યથી અલગ નથી બેસ્ટ મેળવવા આપણે કંઈક અલગ કરવાની જરૂર નથી. પણ જે કરો છો એને ધગશ સાથે કરશો તો વેસ્ટમાંથી પણ બેસ્ટ મળી જ જશે. જે પણ કરો એમાં તમારું બેસ્ટ આપવાનો પ્રયાસ કરો. કોઇ પણ કામમાં આળસ કે કરવા ખાતર નહિ કરવાનું, તમારાથી થતું શ્રેષ્ઠ કરો એ બેસ્ટ છે. તે ઉપરાંત બીજા દિવસે વર્કશોપમાં પર્સોના નામની એક પ્રવૃત્તિ કરવામાં આવી હતી, જેમાં ભાગ લેનાર સૌએ પોતાની જાતને બીજાના કેરેક્ટરમાં પરોવીને વિચાર્યું અને મંતવ્યો રજૂ કર્યાં હતાં. દા.ત. કેટલાય લોકોએ પોતાને પશુપાલક સમજીને ગ્રાહક તરીકે કેટલા સમયથી ખેતી કરે છે, કેવી ખેતી થાય છે, પશુપાલન કેવો વ્યવસાય છે, એવા ઘણાબધા મુદ્દાઓ-વિષયો સંદર્ભે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રવૃત્તિ કરવા પાછળના ઉદ્દેશ માત્ર બનાસ ડેરીના હિતધારકોનો અવાજ સાંભળવાનો હતો.

મંથન ૨૦૨૩-દિશા નિયંત્રણ વર્કશોપના ત્રીજા દિવસે આગળ બીજા દિવસમાં જે પણ ચર્ચા-પ્રવૃત્તિ કરીને જે સારાંશ પ્રાપ્ત થયો તે સંદર્ભે સવિસ્તાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બીજા દિવસના વર્કશોપમાં જે પણ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ મળ્યા કે જેને અમલમાં મૂકવાથી બનાસ ડેરી, ખેડૂતો, પશુપાલકો, સંસ્થાના હિતધારકોનું કલ્યાણ છે એવા મુદ્દાઓની સમીક્ષા કરી એમાંથી પણ અતિમહત્ત્વપૂર્ણ મુદ્દા-વિષયને અલગ તારવવામાં આવ્યા હતા, જેનું ઝડપીમાં ઝડપી સંસ્થાની અંદર અમલીકરણ કરીને નક્કી કરેલા લક્ષ્ય સુધી પહોંચી શકાય તેમજ ઉદ્દેશને પ્રાપ્ત કરાય. ત્રીજા દિવસના વર્કશોપમાં મહાનુભાવો, અલગ અલગ વિષયમાં નિષ્ણાતો અને જાણીતા વક્તાઓને બોલાવવામાં આવ્યા હતા, જેમણે અલગ અલગ બાબતો પર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, જેમાં



એક વક્તાએ જણાવ્યું હતું કે આજકાલ ઘણાબધા લોકો કહે છે કે ઓર્ગેનિક રીતે ખેતી કરો પરંતુ શું તમે જાણો છો કે ખેતી, જમીન પ્રોડક્ટ્સ એ ઓર્ગેનિક હોતું નથી. તમે પ્રોડક્ટ-જમીન પાછળ જે પ્રોસેસ-પદ્ધતિ કરો છો એ ઓર્ગેનિક હોય છે. જો તમારી પ્રોસેસ ઓર્ગેનિક છે તો પરિણામ ઓર્ગેનિક જ હશે. આમ, આ ત્રણ દિવસના મંથન ૨૦૨૩-દિશા નિયંત્રણ વર્કશોપની અંદર બનાસ ડેરી આગામી ૧૦ વર્ષ શું કરશે, કઈ રીતે કરશે, શું લક્ષ્ય હશે, હિત શું હશે, ખેતી-પશુપાલનમાં શું નવું આવશે એવા અનેક પ્રશ્નો, વિષયો અને મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

બનાસ ડેરીના વહીવટીતંત્ર દ્વારા એન.ડી.ડી.બી., આણંદ ખાતે આયોજિત મંથન ૨૦૨૩–દિશા નિયંત્રણ વર્કશોપમાં બનાસ ડેરીનો હેતુ, વિઝન અને હિતધારકોનો અવાજ શું છે, આ ત્રણ બાબતોને સમજીને એના સંદર્ભે ડ્રાફ્ટ તૈયાર કરવાનો હતો. ટૂંકમાં કહીએ તો આગામી ૧૦ વર્ષ એટલે કે ૨૦૩૩ સુધી બનાસ ડેરીના લક્ષ્યને નક્કી કરી એને પ્રાપ્ત કરવા માટેનો ઉદ્દેશ હતો.

# સુઆયોજિત બનાસ ડેરી કરશે બનાસવાસીઓનું ભાવિ હેતુપૂર્ણ

## ‘બનાસ ડેરીનું આયોજન, લક્ષ્ય અને હેતુ’ વિષય પર આયોજિત મંથન ૨૦૨૩-દિશા નિયંત્રણ વર્કશોપમાં ચેરમેન શ્રી શંકરભાઈનું સંબોધન




બનાસ ડેરીએ મંથન ૨૦૨૩–દિશા નિયંત્રણ વર્કશોપની ગોઠવણી કરીને બનાસના હિતની વાત કરવાનું જે અદ્ભુત આયોજન કર્યું તે બદલ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીના વહીવટીતંત્રનો આભાર માન્યો હતો અને આ સરાહનીય કાર્ય કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટનું આ પગલું કદાચ પહેલાં ભરવામાં આવ્યું હોત તો આજે બનાસ ડેરીએ ધાર્યા કરતાં પણ વધુ સફળતા પ્રાપ્ત કરી હોત. પહેલાં વિકાસ થયો છે પણ જો આ પ્રકારનું ભવિષ્યનું આયોજન તાત્કાલિક ધોરણે કરવામાં આવ્યું હોત તો કદાચ સ્થિતિ અલગ હોત. તેમણે અધિકારીશ્રીઓ પાસેથી સાંભળ્યું છે અને જોયું પણ છે કે TQM (ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ)ના કારણે ક્વોલિટીમાં સકારાત્મક બદલાવ આવ્યો છે એટલે જો આ પહેલાંથી જ હોત તો ઘણુંબધું સારું થઇ શક્યું હોત અને થઇ શકે છે. બનાસ ડેરીમાં માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો કાર્યકાળ શરૂ થયો ત્યારે શરૂઆતની ધોરણે ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ એટલું બધું

અસરકારક ન હતું. હા, એની ચોક્કસ થોડી અસર હતી પણ જોઈએ તે પ્રમાણમાં ઈફેક્ટિવનેશ ન હતી. TQMની મહત્ત્વતા દરેક વ્યક્તિના વિકાસ અને સંસ્થાની વૃદ્ધિ માટે અતિમહત્ત્વની છે. બનાસ ડેરીનું સદ્‌ભાગ્ય છે કે જે શ્રી ત્રિભોવનદાસ પટેલ અને ડૉ. વર્ગીસ કુરિયન જેવા મહાનુભાવોની કર્મભૂમિ છે એવી આણંદની ધરતી પર બનાસ ડેરીના વિકાસ માટે મંથન કરવાનો અવસર પ્રાપ્ત થયો. આ મહાનુભાવોની સકારાત્મક શક્તિ, તપસ્યા અને પ્રેરણાનો અનુભવ આ ધરતી પર ચોક્કસ થાય છે. વિકાસનો નવો ઈતિહાસ બનાસ ડેરી રચવા જઈ રહી છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વર્કશોપ સંદર્ભે વાત કરતાં જણાવ્યું હતું કે બનાસ ડેરીએ સ્વીકાર્યું છે કે આપણું પશુધન દેશની અસલી તાકાત છે. બનાસ ડેરીએ ગોબરમાંથી બાયો સી.એન.જી. ગેસ ઉત્પન્ન કરીને વેસ્ટમાંથી બેસ્ટ બનાવી બતાવ્યું છે. એનર્જી ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા માટે સમગ્ર ભારત દેશને બનાસ ડેરીએ દિશા બતાવી છે. અશક્યને શક્ય કરી બતાવ્યું છે, જેના આધારે કેન્દ્ર સરકારે પોલિસી પણ તૈયાર કરી છે. નીતિ આયોગ વિભાગ ગોબરમાંથી બનેલા બાયો સી.એન.જી. પ્રોજેક્ટની ડિઝાઈન તૈયાર કરીને સમગ્ર ભારત દેશમાં અમલ કરવા તૈયારી કરી રહ્યું છે. આ બનાસની ધરતીએ શ્વેતક્રાંતિ સર્જી છે, સ્વીટક્રાંતિ સર્જી છે, એનર્જીક્રાંતિ સર્જી છે તો એ કહેવું યોગ્ય છે કે આ ધરતીમાં અશક્યને શક્ય કરી બતાવવાની તાકાત રહેલી છે.

## સર્વાંગી વિકાસ માટે બનાસ ડેરી કૃતનિશ્ચયી

ભવિષ્યની ચિંતા અત્યારથી બનાસકાંઠા વિસ્તારને અહીંના ખેડૂતો, પશુપાલકો અને ભાવિ પેઢીને સર્વાંગી વિકાસની હરોળમાં લઈ જવા માટે બનાસ ડેરી કૃતનિશ્ચયી છે. બનાસ ડેરીએ વર્ષોથી માત્ર બનાસકાંઠા જિલ્લાને જ નહિ પણ ગુજરાત રાજ્યના સહકારી ક્ષેત્રને મજબૂત કર્યું છે તેમજ દેશભરમાં દૂધ ઉત્પાદનને નવી દિશા આપી છે. હવે ભવિષ્યના આયોજન માટે કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો છે, જેને કેન્દ્રસ્થાને રાખીને માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ચાર લક્ષ્ય રજૂ કર્યા હતા, જે બનાસની શક્તિ અને ગતિમાં વધારો કરશે.

**પ્રથમ લક્ષ્યઃ**

બનાસ ડેરીના ભવિષ્યનું આયોજન છે કે આવતાં ૧૦ વર્ષમાં એટલે કે ૨૦૩૩ સુધી દૂધ સંપાદનનો આંકડો ૨ કરોડ લિટર સુધી પહોંચાડવાનો છે અને જિલ્લાનું સરેરાશ દૂધ ૧૬ લિટર કરવાનો છે તેમજ પશુદીઠ દૂધ ઉત્પાદન વધારવા માટે આધુનિક ટેક્‌નોલોજીનો ઉપયોગ કરીને ઉચ્ચ ઓલાદોનું સંરક્ષણ કરવામાં આવશે. આજે બનાસ પાસે ત્રણ લાખ કરતાં વધુ દેશી ગાયો છે, જેને આવતાં ૭-૮ વર્ષમાં ત્રણ ગણી વધારવાની દિશામાં કામ કરવામાં આવશે.

**બીજું લક્ષ્યઃ**

સ્વ. શ્રી ગલબાકાકાએ મહિલાઓને દાતરડાના હાથા પર રોજગારી પ્રાપ્ત કરાવીને સ્વાવલંબી બનાવવાનું જે સ્વપ્ન જોયું હતું એ સાકાર થયું છે, પરંતુ આજના સમયને જોતાં બનાસ ડેરી હજુ વધુ મહિલા સશક્તીકરણને ગતિ આપશે. સંસ્થાના બોર્ડની અંદર કે મંડળીમાં મહિલાને નેતૃત્વ આપશે, અધિકારી સ્તર પર નિમણૂક કરવામાં આવશે. આગામી ૧૦ વર્ષ માટે બનાસ ડેરીનું આયોજન હશે કે સરેરાશ ૭૦ ટકા બેંક ખાતાં મહિલાઓનાં ખોલવામાં આવે, એમનાં ખાતાંમાં સીધા પૈસા જમા કરવામાં આવે. આ લક્ષ્યને ૧૦૦ ટકા સફળતા અપાવવા બનાસ ડેરી સતત સક્રિય રહેશે. મહિલાઓનાં વધુ બેંક ખાતાં ખુલે તે માટે બનાસ ડેરી દ્વારા જે મહિલાનું બેંક ખાતું હશે એને પ્રોત્સાહનરૂપે કંઈક ભેટ આપવામાં આવશે, જેના કારણે અન્ય મહિલાઓ પણ બેંકમાં પોતાનું ખાતું ખોલાવા પ્રેરિત થશે. આ ક્રાંતિ છે અને ક્રાંતિ ક્યારેય સરળ નથી હોતી, જેથી બનાસ ડેરી મજબૂત નેતૃત્વ હેઠળ સતત વિકાસના માર્ગે ચાલવાનો પ્રયાસ કરશે.



**ત્રીજું લક્ષ્યઃ**

અમૃતકાળમાં ભારત દેશ આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધી રહ્યો છે ત્યારે બનાસ ડેરી પણ ભવિષ્યમાં એનર્જી ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની દિશામાં ગતિ પકડશે. બનાસવાસીઓ જે વીજળીનો વપરાશ કરે છે તેનું ઉત્પાદન કરવા બનાસ ડેરી મહત્ત્વપૂર્ણ પગલાં હાથ ધરશે. સોલર અને પવનચક્કી દ્વારા પણ વીજળી ઉત્પન્ન કરવાની દિશામાં કામ કરવામાં આવશે. કચ્છના રણમાં જમીન ભાડે લઈને સોલર અને પવનચક્કી થકી વીજળી ઉત્પન્ન કરી બનાસવાસી તેમજ ડેરીના પ્લાન્ટ્‌સની વીજળીની જરૂરિયાતને પૂરી પાડી શકાશે. બનાસ ડેરી સમગ્ર જિલ્લાને પેટ્રોલ-ડીઝલના વપરાશથી મુક્ત કરી તમામ વાહનોને  સી.એન.જી.થી ચાલતાં કરવાની ક્ષમતા ધરાવે છે. તેના માટે ભવિષ્યમાં બનાસ ડેરી માત્ર બનાસકાંઠામાં જ નહિ, પરંતુ આજુબાજુના વિસ્તાર જેવા કે રાજસ્થાનનાં ગામડાંઓમાં, અમદાવાદ, ગાંધીનગર તેમજ અન્ય રાજ્યોમાં બાયો સી.એન.જી. પ્લાન્ટ્‌સની શરૂઆત કરવાની દિશામાં આયોજન કરશે. વર્ષ ૨૦૩૩ પહેલાં જિલ્લાને સંપૂર્ણ પેટ્રોલ-ડીઝલમુક્ત કરવાનો પ્રયાસ કરાશે. બનાસ ડેરી દ્વારા હાથ ધરાયેલી આ દિશા સમગ્ર ભારત દેશને નવી પ્રેરણા પૂરી પાડવાનું કામ કરશે. જાપાનની સુઝુકી કંપનીએ તો ખાતરી આપી છે કે બનાસ ડેરી દ્વારા જિલ્લાભરમાં સી.એન.જી. સ્ટેશન સ્થપાયા બાદ જાપાનની અતિઆધુનિક ટેક્‌નોલોજીને અહીંયાં લાવવામાં આવશે તેમજ પ્રોજેક્ટનો ખર્ચ પણ આપશે.

**ચોથું લક્ષ્યઃ**

બનાસ ડેરી દૂધ ઉત્પાદન સિવાયના અન્ય વ્યવસાયોમાં આગળ વધશે. જે અંતર્ગત તાત્કાલિક ધોરણે આટા પ્લાન્ટ, ઓઈલ પ્લાન્ટ (મગફળીનું તેલ, રાયડાનું તેલ), મધ પ્રોજેક્ટ, દાડમ પ્રોજેક્ટ તેમજ લીમડાની લીંબોળીમાં વેલ્યૂએડિશન કરીને તેમાંથી કઈ રીતે પશુપાલકો-ખેડૂતોને ફાયદો અપાવી શકાય એ દિશામાં કામ કરવામાં આવશે.

બનાસ ડેરીએ છેલ્લાં કેટલાંય વર્ષોમાં વિકાસ અને વૃદ્ધિ કરીને ઘણાબધાં ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરી છે, જેમાંથી એક એ છે કે બનાસકાંઠા જિલ્લાનો સ્વભાવ કો-ઓપરેટિવ બની ગયો છે એવું નથી, પરંતુ બનાસ ડેરી પૂરતો લોકોનો સ્વભાવ કો-ઓપરેટિવ બન્યો છે એવું ૧૦૦ ટકા માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી માને છે. આ એક બનાસ ડેરીની સિદ્ધિ અને સફળતા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બનાસ ડેરી થકી મહિલાઓના જીવનની અંદર બદલાવ આવ્યો છે. આજથી ૭૦-૮૦ વર્ષ પહેલાંની મહિલાઓની સ્થિતિ જોઈએ અને આજના વર્તમાન સમયની સ્થિતિ જોઈએ તો ખબર પડશે કે જિલ્લાની મહિલાઓના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. વર્ષોથી કેટલાય લોકોએ મહિલાઓના ઉત્થાન માટે પ્રયાસો કર્યા, પરંતુ કો-ઓપરેટિવના કારણે મહિલાઓનો જે ઉદ્ધાર થયો છે તે પહેલાં ક્યારેય થયો નથી. એવું પણ નથી કે માત્ર આર્થિક રીતે જ મહિલાઓ મજબૂત બની છે, તેઓને સ્વમાન અને સન્માન મળવા લાગ્યું છે, અધિકારો પ્રાપ્ત થયા છે. મહિલાને જોવાનો લોકોનો દૃષ્ટિકોણ બદલાયો છે, જે મહિલાઓ ઘર બહાર ન હતી નીકળતી, એ આજે દૂધ મંડળીએ દૂધ ભરાવતી થઈ છે. પહેલાં મહિલાઓ એટલે બીજા નંબરનો નાગરિક, જે માત્ર ચાર દીવાલોમાં રહેતી હતી, પિતા કહે એ પ્રમાણે કરવાનું, લગ્ન કર્યા પછી પતિ કહે એટલું જ કરવાનું અને વૃદ્ધાવસ્થામાં દીકરા પર આધારિત રહેવાનું, પરંતુ આજે મહિલાઓ સ્વતંત્ર રીતે રહે છે, સ્વતંત્ર રીતે વિચારતી થઈ છે. એવું પણ નથી કે ૧૦૦ ટકા સ્થિતિ બદલાઈ ગઈ છે પણ ચોક્કસ રીતે ધીરે ધીરે બદલાવ આવી રહ્યો છે. પરિવર્તન સંદર્ભે સકારાત્મક આશા વ્યક્ત કરતાં કહ્યું હતું કે નજીકના ભવિષ્યની અંદર મહિલાઓ ઘરમાં, ગામમાં, સમાજમાં, જિલ્લામાં, તાલુકામાં અને દેશમાં પણ નેતૃત્વ સંભાળતી થશે, જેમાં સૌથી મહત્ત્વનો ફાળો બનાસ ડેરી આપશે. આજે બનાસ ડેરીમાં દૂધ ભરાવીને મહિલાઓ આર્થિક રીતે મજબૂત બની છે, જેના કારણે તેનામાં આત્મવિશ્વાસ આવ્યો છે. બનાસ ડેરી સાથે જોડાઈને મહિલાઓ સ્વાવલંબી બની છે. એમને સપૂર્ણ વિશ્વાસ છે કે તેઓ પોતાના પરિવારનો આધાર બની શકે છે, પરંતુ હજુ પણ આ મહિલાઓને પોતે કમાયેલા પૈસા વાપરવાનો અધિકાર જોઈએ તે પ્રમાણમાં મળ્યો નથી તો હવે એ અધિકાર પણ મહિલાઓ સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરે એવું કામ બનાસ ડેરી કરશે. વધુમાં ગંભીરતાથી ઉમેર્યું હતું કે અત્યાર સુધીમાં માત્ર પુરુષ જ નક્કી કરતો હતો કે બાળકોને અભ્યાસ કરાવવો છે, મહિલાઓને આ સંદર્ભે કોઈ જ નિર્ણય લેવાનો અધિકાર ન હતો પણ હવે પરિસ્થિતિમાં બદલાવ આવ્યો છે. મહિલાઓ પોતાનાં સંતાનોને ક્યાં શું ભણાવવું એનો નિર્ણય જાતે જ કરે છે.  આ બદલાવ ઘણો મોટો છે, જેના દ્વારા પરિવર્તન લાવશે. આનું પરિણામ એ આવશે કે આવતાં ૧૦ વર્ષમાં વિશ્વ સાક્ષી બનશે કે બનાસની મહિલા પશુપાલકોએ શિક્ષણજગતમાં પોતાનાં સંતાનો માટે નિર્ણય કરીને સફળતાની ઊંચાઈ સર કરી, જેના દાખલાઓ વર્ષો સુધી આપવામાં આવશે. આજે સૂકો પ્રદેશ બનાસકાંઠા અને બનાસવાસીઓ એકતાના તાંતણે બંધાઈને કો-ઓપરેટિવ મોમેન્ટ માટે વિચારતો થયો છે. આ સહકારી ક્ષેત્ર માટે એક મોટી દેન છે, અદ્‌ભૂત પરિવર્તન છે.

બનાસ ડેરીએ છેલ્લાં ૭-૮ વર્ષમાં જે વિકાસ કાર્યો, નવાં સાહસો, નવતર પ્રયોગો, પ્લાન્ટ્‌સનું વિસ્તૃતીકરણ કર્યું છે, તેનાથી સૌ કોઈ જાણકાર છે. આજે ‘અમૂલ’ એ દેશની બ્રાન્ડ છે, બનાસ ડેરીની તાકાત છે. અમૂલ બ્રાન્ડ ઉપર પ્રજાનો ભરોસો છે. ઘણા વર્ષોથી માત્ર ‘અમૂલ’ની ગુણવત્તા જ જળવાઈ હોય એવું પણ નથી, એ

વધુ ને વધુ શક્તિશાળી બનતી ગઈ છે. અમૂલે પોતાના ગ્રાહકોનો તો ભરોસો જીત્યો છે, સાથે જે 'અમૂલ' બ્રાન્ડના ગ્રાહક નથી એમનાં પણ દિલ જીત્યાં છે. આજે 'અમૂલ' રાષ્ટ્રીયતાની સાથે જોડાયેલી કંપની છે, જેના કારણે અમૂલ એટલે હિન્દુસ્તાન, અમૂલ એટલે ક્વોલિટી એમ માનવામાં આવે છે. આ ઓળખાણ ક્યારેય વિખરાઈ ના જાય તેની જવાબદારી સંઘ, કર્મચારી, નિયામક મંડળની છે, કારણ કે 'અમૂલ' એ બનાસ ડેરી, પશુપાલક, ખેડૂતોની તાકાત છે. મહાનુભવોએ જે આપ્યું એની જાળવણી બનાસ ડેરી કરશે.

ચેરમેનશ્રીની દૃષ્ટિએ બનાસ ડેરીનું વિઝન એ છે કે જિલ્લાવાસીઓને સાથે રાખીને મોટાં સપનાંઓ જોવાં, સાથે ચાલીને એ સપનાંઓને સાકાર કરવા. છેલ્લાં કેટલાંય વર્ષોથી બનાસ ડેરીએ ટર્નઓવરને લઈ સેવેલાં સપનાંઓ સમય પહેલાં સાકાર થયાં છે. હવે ૧૦ વર્ષનું આયોજન નક્કી કરવામાં આવ્યું છે તો એ પણ બનાસ ડેરી લોકભાગીદારીથી સાકાર કરીને બતાવશે. હવે બનાસ ડેરીને ૫૦ હજાર કરોડ ટર્નઓવર સુધી પહોંચતાં વધુ સમય નહિ લાગે, કારણ કે સંઘની તાકાતમાં વધારો થયો છે. બનાસ ડેરીએ જોયેલાં વિઝન અત્યાર સુધીમાં ૯૦થી ૯૫ ટકા સાકાર થયાં છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે બનાસવાસીઓએ જમીનને બચાવવી પડશે, એમાં ખૂટતાં પોષકતત્ત્વો ઉમેરવાં પડશે. પ્રાકૃતિક તત્ત્વોને પણ સાચવવાં પડશે. એને બચાવવામાં જો બનાસવાસીઓ સફળ થશે તો એક દિવસ તે ભારત દેશ અને બનાસકાંઠા જિલ્લાની ખૂબ જ મોટી તાકાત બનશે, જેની અંદર શરૂઆત ગૌમૂત્ર અને છાણથી કરી શકાય છે. આ બંને વસ્તુઓને માર્કેટમાં લઈ જવાથી આવતાં ૧૦ વર્ષમાં ખેડૂત બમણી આવક મેળવતો થઈ જશે. બનાસ ડેરી મિડલ ક્લાસ અને લોઅર મિડલ ક્લાસની પ્રોડક્ટ્સ બનાવતી થઈ છે, હજુ સુધી મિડલ ક્લાસના અપર ક્લાસ માટે પ્રોડક્ટ્સ બનાવવાના સ્તર સુધી પહોંચ્યા નથી. ત્યાં હજુ બીજી ઘણી બધી બ્રાન્ડ્સ છે તો બનાસ ડેરીએ સૌને સાથે રાખી – સૌની સાથે મળી એ દિશામાં વિચારવું પડશે.

ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ એક નવો વિચાર રજૂ કરતાં જણાવ્યું હતું કે જિલ્લામાં દરરોજ કેટલાંય પશુધન મૃત્યુ પામે છે. મૃત્યુ પામતાં પશુધનના શરીરમાંથી હાડકાં, ચામડી અને ફેટને અલગ અલગ કરીને તેનો ઉપયોગ યોગ્ય રીતે કરવા માટે એક પ્લાન્ટની સ્થાપના કરવામાં આવે તો પશુપાલકોને પશુધનના મૃત્યુ બાદ પણ આવક પ્રાપ્ત થઈ શકે છે. આ પ્લાન્ટના નિર્માણ થવાથી મૃત્યુ પામેલા પશુના શરીરને ફેંકવાની કે દાટવાની કોઈ સમસ્યા નહિ રહે. આ એક નવો વિચાર છે, પરંતુ તેનાથી કેટલી બધી મોટી સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

બનાસ ડેરી નજીકના ભવિષ્યમાં જિલ્લાના દરેક ગામમાં ગોબર ગેસ પ્લાન્ટ સ્થાપશે, જેમાં તમામ પ્રકારની સગવડ હશે, જેના થકી માત્ર બનાસકાંઠા જ નહિ, પરંતુ તેની આજુબાજુના સાતથી આઠ જિલ્લાઓને પણ વાહન માટે સી.એન.જી. મળશે. બનાસ ડેરીને સાથે રાખીને આ સપનું માત્ર આઠ-દશ વર્ષની અંદર સાકાર કરી શકાય છે એવું માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું. આ ક્રાંતિ દેશમાં નામના કમાશે, વિશ્વને એક નવી પ્રેરણા પૂરી પાડશે. એવા તો અનેક હેતુઓ અને લક્ષ્યો છે, જેને બનાસ ડેરી જિલ્લાની દરેક વ્યક્તિ, બનાસ ડેરીના કર્મચારી, નિયામક મંડળ, પશુપાલક અને ખેડૂતને સાથે રાખીને સાકાર કરશે. બનાસ ડેરીએ જિલ્લાના પાંચ લાખ કરતાં વધુ પરિવારોને પશુપાલન વ્યવસાય સાથે જોડીને સ્વાવલંબી બનાવ્યા છે, જેના કારણે જિલ્લામાં દરેક વ્યક્તિ પાસે રોટી-કપડાં-મકાન જેવી મૂળભૂત જરૂરિયાતો ઉપલબ્ધ થઈ છે. ભવિષ્યની ચિંતા વ્યક્ત કરતાં ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે સૌ કોઈ પરિકલ્પના કરે છે કે જીવનમાં પૈસા, બંગલો, કાર જેવી બધી વૈભવી સુવિધાઓ હોય, પરંતુ આ બધું આવ્યા પછી પણ એક વસ્તુની જરૂર હોય એ ખુશી છે. ભવિષ્યમાં તમામ પ્રકારની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ હશે, પરંતુ ત્યારે આપણને જળ, જમીન, પ્રાણી અને શુદ્ધ વાતાવરણની વસ્તુઓની જરૂર પડશે. ભલે મકાન મોટાં ના હોય પણ એમાં પૂરો પરિવાર સંયુક્ત રીતે ખુશીથી રહેતો હોય, મંદિર હોય, દેશી ગાયો હોય, હરિયાળી હોય, આંબા હોય, મધપૂડો હોય અને પક્ષીઓ કલરવ કરતાં હોય એ જીવન ચિત્રની જરૂર ભવિષ્યમાં આપણને પડશે એટલે આપણે ધ્યાન રાખવું પડશે કે પૈસાના કારણે હરિયાળી, જળ, જમીન, ખુશી, પરિવાર, પહાડો, પક્ષીઓ અને શાંતિ ગાયબ ના થઈ જાય, કારણ કે જો ભવિષ્યમાં બધું હશે અને આ વસ્તુઓ આપણી પાસે નહીં હોય તો ફરીથી આને ઉગાડી નહિ શકાય, માટે આને સાચવવાની જરૂર છે.

મંથન ૨૦૨૩–દિશા નિયંત્રણ વર્કશોપમાં બનાસ ડેરી દ્વારા આવતાં ૧૦ વર્ષની અંદર કયાં કયાં વિકાસકાર્યો, નવતર પ્રયોગો, ડેરીનું વિસ્તૃતીકરણ વગેરે જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર મંથન કરવામાં આવ્યું હતું. આવતાં દશ વર્ષમાં બનાસ કેવું હશે, અહીંનાં ગામડાંઓની સ્થિતિ કેવી હશે, પશુપાલકો-ખેડૂતોનો વિકાસ કેટલો હશે, બનાસ ડેરીનો વ્યાપ કેટલો ફેલાયો હશે એવા અનેક મુદ્દાઓને ધ્યાનમાં લઈને અત્યારથી જ ઉજ્જ્વળ યુગના નિર્માણ માટે ભવિષ્યનું આયોજન વર્તમાન સમયમાં કરાયું છે.

# બનાસ આપણું માવતર, કરે આપણા સુખનું વાવેતર

## મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરી



બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીએ આણંદ ખાતે આયોજિત મંથન ૨૦૨૩-દિશા નિયંત્રણ કાર્યક્રમના ઉપલક્ષમાં જણાવ્યું હતું કે ભવિષ્યનું આયોજન વર્તમાન સમયમાં કરીને આગળ વધવું જોઈએ એવું હંમેશાંથી માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી બનાસ ડેરીના નિયામક મંડળ, પશુપાલક, ખેડૂતો અને કર્મચારીઓને જણાવતા આવ્યા છે. જે રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી નવભારતનું નિર્માણ કરી રહ્યા છે એ જ રીતે ચેરમેનશ્રીના નેતૃત્વમાં આત્મનિર્ભર બનાસ ડેરીનું નિર્માણ કરાઈ રહ્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે TQM પદ્ધતિને અનુસરવાથી બનાસ ડેરીને ઘણુંબધું મળ્યું છે. કોઈ પણ સંસ્થા સૌપ્રથમ પોતાનો હેતુ શું છે તે સમજે છે, લક્ષ્ય નક્કી કરે છે, ભવિષ્યના આયોજન અંગે વિચારે છે અને પછી જ પોતાની મુસાફરીનો નકશો તૈયાર કરે છે. વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાના આયોજન હેઠળ ગોબરધનમાંથી એનર્જીનું નિર્માણ થઈ રહ્યું છે, પરંતુ બનાસ ડેરીનું આગામી ૧૦ વર્ષમાં બાયો સી.એન.જી. સ્ટેશનનો વ્યાપ રાજ્ય સાથે દેશભરમાં ફેલાય, ભવિષ્યના બનાસમાં પશુધન અને મહિલા દૂધ ઉત્પાદક સર્વાંગી સુખી બને, વિકાસનાં કાર્યોમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ થાય, આર્થિક વ્યવહારો ડિજિટલાઈઝ થાય, ઉત્તમ સિસ્ટમ ઊભી થાય એ દિશામાં કરવામાં આવશે. આ બધું કર્યા પછી ગામમાં પાણી હોય, હરિયાળી હોય, પશુધન હોય, ખેતર હર્યાંભર્યાં હોય, શિક્ષણ હોય, ગામની સંસ્કૃતિ-સભ્યતા રહે એવી પરિકલ્પનાને સાકાર કરવી છે. 'હેપીનેસ વિથ નેચર'ની ઉક્તિને સાચી ઠેરવવી પડશે.

એમ.ડી. શ્રીએ નોંધ્યું હતું કે દુનિયામાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતો દેશ ભારત છે અને સદાય રહેશે. સમય સાથે દૂધની માગ વધશે અને દૂધ ઉત્પાદન પણ વધશે. બનાસ ડેરીનું નેતૃત્વ સક્ષમ છે કે આગામી ૧૦ વર્ષમાં ૨ કરોડ લિટર દૂધ સંપાદન કરવાનું આયોજન અત્યારથી કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૩૩ પહેલાં આ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં આવશે, જેની પાછળની મૂળ શક્તિ આપણું નેતૃત્વ, સરકારનો સાથ અને લોકોનો વિશ્વાસ છે.

# બનાસ ડેરીના ખેડૂતોએ શ્વેતક્રાંતિ બાદ સર્જી સ્વીટક્રાંતિ

**વિકાસની અદ્‌ભુત તસવીરઃ**
**જે ખેડૂત કેનમાં દૂધ ભરાવતા હતા, આજે એ મધ ભરાવતા પણ થયા**





વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ૨૦૧૬માં બનાસકાંઠાની ધરતી પર પધારીને મહેનતુ ખેડૂતોને શ્વેતક્રાંતિની સાથે મધ ઉત્પાદનના માધ્યમથી ‘સ્વીટ ક્રાંતિ’ના વાહક બનવા આહ્‌વાન કર્યું હતું. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ આહ્‌વાનને પડકારના રૂપમાં સ્વીકારીને ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ સાથે બનાસ મધ પ્રોજેક્ટ શરૂ કરીને જિલ્લાના હજારો ખેડૂતોને મધની ખેતી કરવા તાલીમ આપી અને મધની ખેતી કરવા માટે આર્થિક સહાય અને જરૂરી મદદ પણ કરી, જેના લીધે અહીંના ખેડૂતોએ ગુજરાતી કહેવત ‘કાળા માથાનો માનવી ધારે તો શું ના કરી શકે!’ તેને સાર્થક કરી બતાવી છે એટલે કે દૂધનું ઉત્પાદન કરીને વિશ્વમાં ભારત દેશનું નામ તો રોશન કર્યું, સાથે-સાથે હવે મધનું ઉત્પાદન કરીને દેશભરમાં ‘સ્વીટ ક્રાંતિ’ના પણ પ્રથમ વાહક બનવાની સિદ્ધિ પણ પોતાના નામે કરી છે. આજે બનાસ ડેરીના ખેડૂતો ખેતરમાંથી પાક મેળવી, પશુપાલન થકી દૂધ ઉત્પાદન કરી અને બનાસ મધ પ્રોજેક્ટમાં જોડાઈ મધની ખેતી દ્વારા આત્મનિર્ભર બન્યા છે.

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ બનાસ ડેરી સાથે જોડાઈને સ્વીટક્રાંતિમાં સફળતા પ્રાપ્ત કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ શ્વેતક્રાંતિ સાથે મધ ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ સર્જવાના લક્ષ્ય સાથે બનાસ ડેરીએ અત્યાર સુધીમાં ૫૮૭ ખેડૂત પરિવારોને મધ ઉત્પાદન માટે તાલીમ આપી છે અને ૬,૬૦૦ મધપેટીઓની વહેંચણી કરી છે, જેના કારણે જિલ્લાભરમાંથી સફળતાપૂર્વક કુલ ૮૫૮૦૭ કિ.ગ્રા. મધનું સંપાદન કર્યું છે. મધના વાહક એવા જિલ્લાના ખેડૂતોના પરિશ્રમ, પ્રયાસ અને પુરુષાર્થના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૧૬-૧૭માં તેમને રૂ. ૨.૪૦ લાખ ચૂકવાયા હતા, જે વર્ષે ૨૦૨૨-૨૩માં કુલ રકમનો આંકડો વધીને રૂ. ૫૦૭.૬૭ લાખ પહોંચી ગયો છે, જે સમૃદ્ધિની દિશાને દર્શાવે છે. સ્વીટક્રાંતિ થકી ખેડૂતો-પશુપાલકોના કલ્યાણનો સંકલ્પ સાકાર થયો છે. ખેડૂતોની આવક બમણી કરવાના મોદીજીના સ્વપ્નને સાકાર કરવા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરી અંતર્ગત બનાસ મધ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો, જેમાં જિલ્લાના ખેડૂતોને મધની ખેતી કરવા માટે તાલીમ અને મધની પેટીઓ અપાય છે તેમજ બનાસ ડેરી ઉત્પન્ન થયેલ મધના ઉત્તમ ભાવ આપીને ખેડૂત પાસેથી મધની ખરીદી પણ કરે છે. આમ, દૂધ ઉત્પાદનની સાથે-સાથે મધ પ્રોજેક્ટ થકી ગ્રામ્ય વિસ્તારના લોકોની આવકમાં વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં જ ખેડૂતો પાસેથી ખરીદવામાં આવતા મધના ચાલુ ભાવમાં રૂ.૨૦નો વધારો કરી નવો ખરીદભાવ રૂ.૧૭૦ પ્રતિકિલો કરવામાં આવ્યો હતો, જે ખેડૂતો દ્વારા કરવામાં આવતા પરિશ્રમ, મહેનત અને પુરુષાર્થને બિરદાવવાનો ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો ઉમદો પ્રયાસ છે.

માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો પ્રયાસ છે કે સ્વ. ગલબાકાકાએ બનાસકાંઠાના ખેડૂત, પશુપાલકને સમૃદ્ધ બનાવવા માટે શરૂ કરેલી બનાસ ડેરીમાં દૂધ સિવાયના અન્ય વ્યવસાયો, પ્રોજેક્ટ અથવા સાહસ થકી વધુ આવક પ્રાપ્ત કરવાની સોનેરી તકો ઊભી કરવાનો છે, જેનો ઉત્તમ દાખલો બનાસ મધ પ્રોજેક્ટ છે. ખેડૂત પાસે ખેતી કરવા જમીન છે, એ જ જમીનમાં ખેતી દ્વારા અને મધનું ઉત્પાદન કરીને એકસાથે બે આવક પ્રાપ્ત કરવા ખેડૂત સક્ષમ બન્યો છે.

# દૂધ ભરાવતા ખેડૂત આજે મધ ભરાવતા થયા

## પરિવર્તનના માર્ગે બનાસ



કહેવાય છે કે જો કોઈ વ્યક્તિ પોતાની પારખું નજરથી કોઈ તસવીરમાં નજર કરે તો તેને એની અંદર કંઈક ને કંઈક દેખાશે. એટલે તો કહ્યું છે દરેક તસવીર કંઈક કહે છે. બસ, પારખવાની શક્તિ હોવી જોઈએ. બનાસકાંઠાની આ બંને તસવીર પણ કંઈક કહે છે. આ બંને તસવીર છે, બનાસ ડેરીના વિકાસ અને વૃદ્ધિની.



એક દૃશ્ય છે, શ્વેતક્રાંતિનું અને બીજું દૃશ્ય છે સ્વીટક્રાંતિનું. આજના આધુનિક યુગમાં બનાસમાં દૂધ ભરાવતા પશુપાલકોની તસવીર તો સૌએ જોઈ છે, પરંતુ મધ ભરાવતા મધુપાલકની પણ આ તસવીર છે, જે સમય સાથે પશુપાલકોમાં આવતા સકારાત્મક પરિવર્તનને દર્શાવે છે.



# બનાસ ડેરી થકી આત્મનિર્ભરતા

## સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ બનાસ ડેરીએ આપી ૩,૫૦૦ મહિલાઓને ભેંસ

બનાસકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસના પથ પર અગ્રેસર બનાસ ડેરીએ રાજ્ય સરકાર સાથે મળીને બનાસવાસીઓને પશુપાલન વ્યવસાય સાથે જોડવા સૌને સમાન તક આપી બધાં માટે આર્થિક ઉન્નતિનાં દ્વાર ખોલી આપ્યાં છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી તમામ વર્ગોના નાગરિકો માટે પ્રતિબદ્ધતા સાથે પશુપાલન વ્યવસાય સંબંધિત યોજનાઓનો સઘન અમલ કરી રહી છે. સમાજનાં વંચિત, આદિજાતિ બંધુ-ભગિનીઓ અને યુવાઓ માટે વિશેષ અગ્રતા અને કાળજી તેમજ સંવેદનશીલતા યોજનાઓના સુચારુ અમલીકરણ માટે બનાસ ડેરી કૃતસંકલ્પ છે. રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી સંકલિત ડેરી વિકાસ યોજનાના સઘન અમલીકરણ થકી બનાસ ડેરીએ બનાસકાંઠા જિલ્લાના આદિજાતિ નાગરિકોના જીવનમાં વિકાસ સાધીને ગુણવત્તાસભર જીવન તરફ આગળ દોર્યા છે. ગુજરાતના પૂર્વ પટ્ટામાં અંબાજીથી ઉમરગામ સુધીના આદિજાતિ વિસ્તારો મહદ્અંશે ડુંગરાળ અને જંગલ વિસ્તારમાં રહે છે. આદિજાતિ વિસ્તારોના ઝડપી, સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના સહિત ઘણી યોજનાઓ છે. આદિજાતિ વિસ્તારો સહિત રાજ્યના તમામ વિસ્તારમાં ગુજરાત વિશ્વકક્ષાએ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. રાજ્યનાં વિવિધ અભિયાનો અને યોજનાઓથી રાજ્યની વિકાસકૂચ વેગવંતી બની છે. પશુપાલનના વ્યવસાયમાં જોડાયેલ આદિજાતિ મહિલાઓ પણ સ્વનિર્ભર બની સારી આવક મેળવી શકે તથા પશુપાલનના વ્યવસાયમાં રોજગારી વધારવા માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સંકલિત ડેરી વિકાસ યોજના દાંતા તાલુકા માટે અમલમાં મૂકવામાં આવી છે. આદિવાસી કુટુંબો ખેતી સાથે પશુપાલનના વ્યવસાય દ્વારા કાયમી આવક મેળવતા થાય તે હેતુથી આ યોજના અમલી બનાવાઈ છે. બનાસકાંઠા જિલ્લામાં પ્રયોજન વહીવટદાર કચેરીના નિયંત્રણ હેઠળ બનાસ ડેરી દ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

આ યોજના હેઠળ આદિજાતિ કુટુંબને બે દુધાળાં પશુ તેમજ આનુષંગિક લાભ જેવા કે વાસણની કિટ, પશુ વીમો, પશુદાણ, ટ્રાન્સપોર્ટેશન, પશુ સારવાર અને તાલીમ આપવામાં આવે છે. આ યોજનામાં આદિજાતિ મહિલા લાભાર્થીઓને બે ભેંસ આપવામાં આવે છે. એક ભેંસની માન્ય કિંમત રૂ. ૫૪,૦૦૦ છે, જેમાં ભારત સરકાર દ્વારા ૧૭,૪૦૦ની સહાય અને ગુજરાત સરકાર દ્વારા રૂ.૧૫,૦૦૦ની સહાય અપાય છે તથા ગુજરાત ટ્રાઈબલ ડેવલપમેન્ટ કોર્પોરેશન ગાંધીનગર દ્વારા રૂ.૨૦,૦૦૦ની ૬ ટકાના સાદા વ્યાજની લોન આપવામાં આવે છે. રૂ.૨,૦૦૦ લાભાર્થીનો ફાળો હોય છે. આદિજાતિ બહેનો આ યોજનાનો લાભ મેળવવા ગ્રામ્યકક્ષાએ દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો સંપર્ક કરી શકે છે.




આ યોજનાનાં લાભાર્થી અને દાંતા તાલુકાના ગોઠડા ગામનાં વતની શ્રી શારદાબેન રામજીભાઈ ખોખરિયાએ જણાવ્યું હતું કે, "સરકારે અમને ભેંસ આપી છે. અમે રોજનું ૬થી ૭ લિટર બનાસ ડેરીની મંડળીએ દૂધ ભરાવીએ છીએ." તો ગોઠડા ગામનાં જ અન્ય લાભાર્થી નિશાબેન કેતનભાઈ અને પુષ્પાબેન ભરતભાઈ ખોખરિયાએ જણાવ્યું હતું કે, "અમને પણ સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત બનાસ ડેરીએ ભેંસ આપી છે. અમે આ પશુધન થકી આર્થિક રીતે મજબૂત અને સધ્ધર બન્યાં છીએ. પશુપાલન વ્યવસાય અમારા માટે સારી આવક પ્રાપ્ત કરવાનો સ્રોત બન્યો છે.

સંકલિત ડેરી વિકાસ યોજનાથી અંતરિયાળ વિસ્તારમાં દૂધની આવકમાં વધારો થયો છે તેમજ આદિજાતિ બહેનોને ભેંસો આપવામાં આવી. આ વિસ્તારમાં મહિલાઓની સ્થિતિમાં સુખદ પરિવર્તન આવી રહ્યું છે. આવી યોજનાઓ આદિજાતિ બહેનો માટે આશીર્વાદરૂપ બની છે અને મહિલાઓ સ્વમાનભેર આત્મનિર્ભરતાથી પરિવારનું ગુજરાન ચલાવે છે. સંકલિત ડેરી વિકાસ યોજના-દાંતા સ્પેશિયલ અંતર્ગત બનાસ ડેરીના પ્રોજેક્ટ ઓફિસર ડૉ. પ્રકાશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સરકારની આ યોજના માટે બનાસ ડેરી અમલીકરણ સંસ્થા છે. આ વર્ષે ૩,૫૦૦ના લક્ષ્યાંકને પૂર્ણ કરી દાંતા તાલુકા વિસ્તારમાં આદિજાતિ બહેનોને ભેંસો આપવામાં આવી છે, જેનાથી આ વિસ્તારમાં દૂધની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે અને તેમની સુખ-સુવિધામાં પણ ઉમેરો થયો છે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલન વ્યવસાયનો વ્યાપ વધારવા અને આદિજાતિ પરિવારોને સધ્ધર કરવાના સંદર્ભે જણાવ્યું હતું કે સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ આદિવાસી કુટુંબોને ગરીબીરેખાથી બહાર લાવવાના હેતુથી અમલી કરવામાં આવ્યો છે. સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત ગુજરાતના ૧૪ આદિજાતિ જિલ્લાઓને આવરી લેવાયા છે. આ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૦૭-૦૮થી કરવામાં આવી હતી. આ યોજનાનો હેતુ આ યોજનાનો સમયગાળો પૂરો થાય ત્યાં સુધીમાં લાભ લેનાર દરેક લાભાર્થીના પરિવાર માટે ઓછામાં ઓછાં ચાર પશુઓનું એકમ ઊભું કરવાનો છે, જેથી ડેરી ઉદ્યોગ તેઓ માટે આર્થિક રીતે પોષણક્ષમ પ્રવૃત્તિ બની રહે. સરકારની વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સંકલિત ડેરી વિકાસ યોજના બનાસ ડેરીના આયોજન હેઠળ બનાસકાંઠા જિલ્લામાં આ યોજના અમલમાં મૂકવામાં આવી છે, જેના થકી જિલ્લાનાં આદિવાસી કુટુંબો ખેતી સાથે પશુપાલનના વ્યવસાય દ્વારા કાયમી આવક મેળવતાં થયાં છે. બનાસકાંઠા જિલ્લામાં પ્રયોજના વહીવટદાર કચેરીના નિયંત્રણ હેઠળ બનાસ ડેરી દ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. આજે આદિજાતિ પરિવારની મહિલાઓ પશુપાલનનો વ્યવસાય કરીને સારી આવક પ્રાપ્ત કરીને સ્વનિર્ભર બની છે તેમજ પશુપાલનના વ્યવસાયમાં રોજગારી પણ વધી છે.

આ યોજનાની દરમિયાનગીરીથી હવે ડેરી પ્રવૃત્તિ આદિવાસી પરિવારો માટે મુખ્ય વ્યવસાય બની રહેલ છે. આ ડેરી પ્રવૃત્તિઓથી આદિવાસી પરિવારને દર મહિને સારી આવક મળી રહે છે. સંકલિત ડેરી વિકાસ યોજના માત્ર લાભાર્થી પરિવારોને જ સહાય કરે છે એવું નથી, પરંતુ તે સમગ્ર વિસ્તારમાં સમૃદ્ધિનું નિર્માણ કરે છે. એક અભ્યાસમાં એવું જણાઈ આવ્યું છે કે આ પ્રયોજનાના અમલ પછી દૂધના ઉત્પાદનમાં ૩૫%થી ૪૦% વધારો થયો છે. યોજના અંતર્ગત વિસ્તારમાં સુધારેલ ડેરી માળખાકીય સુવિધા સમગ્ર સમૃદ્ધિ માટે પ્રેરક પરિબળ બની રહે છે. ડેરી ઉદ્યોગને વધારે સફળ બનાવવા માટે કેટલીક પૂરક યોજનાઓ શરૂ કરી તેને IDDP સાથે જોડવામાં આવેલ છે, જેમાં સંકલિત પશુ ધન વિકાસ યોજના (કૃત્રિમ બીજદાન માટે) તથા વાછરડી ઉછેર યોજના શરૂ કરવામાં આવેલ છે. આમ, સંકલિત ડેરી વિકાસ યોજના રાજ્યના ગરીબ આદિવાસી પરિવારોને મજબૂત 'દૂધ સહકારી માળખાનો લાભ પહોંચાડવામાં સહાયક બને છે અને તેનાથી એક તરફ તેમને ગરીબાઈની નાગચૂડમાંથી બચવામાં અને બીજી તરફ ડેરીના માળખાને વધુ સુદૃઢ અને સહાયક બનાવવામાં મદદરૂપ થાય છે.




# કેરાલાનાં પશુપાલન મંત્રી શ્રીમતી જે. ચિંચૂ રાનીએ કરી બનાસ ડેરીના સહકારી માળખાની સરાહના

બનાસ ડેરીના સચોટ સંચાલન અને આધુનિક યુગમાં પશુપાલકોના સમૃદ્ધ ભવિષ્ય માટે હાથ ધરવામાં આવતાં નવાં સાહસોને અનુસરીને પોતાના રાજ્યમાં પણ ડેરી ઉદ્યોગને વિકસાવી શ્વેતક્રાંતિને વેગ આપવાના હેતુ સાથે ગઈ કાલે કેરાલા રાજ્યનાં પશુપાલન અને ડેરી વિકાસ મંત્રી શ્રીમતી ચિંચૂ રાનીજી, શ્રી પ્રણબજ્યોતિ નાથ, સચિવ સાથે શ્રી કે.એસ. મણિ-કેરાલા કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (KCMMF)ના અધ્યક્ષજીએ બનાસ ડેરી, ઓઈલ સંકુલ-બાદરપુરા અને દામા ખાતે સી.એન.જી. પ્લાન્ટની મુલાકાત કરીને બનાસના સફળ વહીવટ, આયોજન, સંચાલન, વ્યવસ્થા અને સહકારી માળખાની સરાહના કરી હતી.

કેરાલા રાજ્યનાં પશુપાલન અને ડેરી વિકાસ વિભાગનાં મંત્રી શ્રીમતી જે. ચિંચૂ રાની એ પાલનપુર ખાતે બનાસ ડેરી અને જિલ્લામાં આવેલા બાદરપુરા અને દામા ખાતે ડેરીના વિવિધ પ્લાન્ટ્સની મુલાકાત લઈ ગુજરાતના સહકારી માળખાની સરાહના કરી હતી. તેમણે કહ્યું કે સૂકા રણ વિસ્તારમાં બનાસ ડેરી ખૂબ સરસ કામ કરી રહી છે, જેના વિશે અમે વિચારી પણ શકતાં નથી. તેમણે બનાસ ડેરીના ચીઝ અને વ્હે પ્લાન્ટની મુલાકાત લઈ બાદરપુરા ખાતે આવેલ મધ પ્લાન્ટ અને ટેક હોમરેશન પ્લાન્ટમાં આંગણવાડીનાં બાળકો અને સગર્ભા તથા ધાત્રી માતાઓ માટે બનાવવામાં આવતાં બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિ પેકેટનું નિરીક્ષણ કરી રાજ્ય સરકારની પોષણ યોજનાની માહિતી મેળવી હતી.

કેરાલાનાં પશુપાલન મંત્રીશ્રીએ ડીસા તાલુકાના દામા ખાતે આવેલ બાયો સી.એન.જી. પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી.



પશુઓનાં છાણમાંથી સી.એન.જી. બનાવતા આ પ્લાન્ટની મુલાકાત લઈ તેમણે ગોબરધન પ્રોમ, સેન્દ્રીય ખાતર, ગોબરધન અમૃત અને કૃષિ સંજીવની જેવા બનાસ ઘન અને પ્રવાહી ઓર્ગેનિક ખાતર બનાવવાની પ્રક્રિયા અને વેચાણ વ્યવસ્થા વિશે માહિતી મેળવી હતી. બનાસ ડેરીએ પશુપાલકોના કલ્યાણ અર્થે પ્રગતિનાં કાર્યો કરીને સહકારી ક્ષેત્રમાં પોતાની એક આગવી ઓળખાણ છોડી છે, જેનાથી અનેક નાની-મોટી સહકારી સંસ્થાઓ પણ આકર્ષિત થઈને બનાસ ડેરીના માર્ગે ચાલીને સહકારી ક્ષેત્રમાં કામગીરી કરતી થઇ છે ત્યારે ગુજરાતની બનાસ ડેરીના વ્યવસ્થાપન અને નેતૃત્વને અનુસરીને પોતાના રાજ્યમાં પશુપાલન અને ડેરી ઉદ્યોગને વિકસાવવાના વિચાર સાથે કેરળ રાજ્ય સરકારના પશુપાલન અને ડેરી વિકાસનાં મંત્રી શ્રીમતી ચિંચૂ રાનીજીએ કેરાલા સરકારના અધિકારીઓ સાથે બનાસ ડેરીની મુલાકાત દરમિયાન બનાસ ડેરીના અધિકારીઓએ બનાસ ડેરીના વ્યવસ્થાપન, કામગીરી, વહીવટ અને ખેડૂતો-પશુપાલકોના હિતમાં શરૂ કરેલાં કાર્યોથી મુલાકાતીઓને માહિતગાર કર્યા હતા.



મંત્રીશ્રીના બનાસ ડેરી ખાતે આગમન વેળાએ બનાસ ડેરીના વાઈસ ચેરમેન શ્રી ભાવાભાઈ રબારી અને મેનેજિંગ ડિરેક્ટરશ્રી સંગ્રામસિંહ ચૌધરીએ તેમનું સ્વાગત કરી ડેરીના વિકાસ વિશે માહિતી આપી હતી. મંત્રીશ્રીની મુલાકાત પ્રસંગે નાયબ પશુપાલન નિયામકશ્રી ડો. જે. પી. મજેઠિયા, ડેરીના ચીફ ઓપરેશન ઓફિસર શ્રી કામરાજભાઈ ચૌધરી સહિત ડેરીના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જ્યારથી બનાસ ડેરીનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી ખેડૂત-પશુપાલકો, જળ, જમીન અને ભવિષ્યની ચિંતા કરીને બનાસ ડેરીના અંતર્ગત નવતર પ્રયોગો, આવિષ્કાર કરીને માત્ર કલ્યાણકારી કાર્યો કરવામાં આવી રહ્યાં છે, જેને જાણવા, અભ્યાસ કરવા અને નિહાળવા માટે વિશ્વભરમાંથી લોકો બનાસ ડેરીની મુલાકાત લે છે. આજે બનાસ ડેરી જે ગતિએ વિકાસ કરી રહી છે તે ડેરી ઉદ્યોગ માટે પ્રેરણાદાયક છે. દૂધ ઉત્પાદન સાથે અન્ય કેટલાંય સાહસો શરૂ કરીને પશુપાલકોને સમૃદ્ધ બનાવવાના પ્રયાસો કર્યા છે.

# બનાસકાંઠા જિલ્લાને વ્યસનમુક્ત કરવા બનાસ ડેરી સક્રિય

## વ્યસન એ મનુષ્ય માટે કલંકરૂપ છે. તે હંમેશાં માનવને ભગવાનથી, માનવતાથી, પરિવારથી, મિત્રોથી અને આ દુનિયાથી દૂર કરે છેઃ ચેરમેન શ્રી શંકરભાઇ




વ્યસન એ દુઃખ આપનાર અને સુખને ઝૂંટવી લેનાર એક નશો છે. કેટલાય પરિવારોએ પોતાના વહાલસોયા દીકરાઓને વ્યસનના કારણે ગુમાવ્યા છે. કેટલાય પરિવારે તો પોતાની જિંદગીભરની કમાણીને વ્યસનથી થતા રોગની સારવારમાં ખર્ચી કાઢી છે. કેટલાક સંતાઈને વ્યસન કરે છે તો કેટલાક ખુલ્લેઆમ વ્યસન કરે છે, જે એકદમ હાનિકારક છે. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી બનાસકાંઠા જિલ્લાને વ્યસનમુક્ત બનાવવા અથાગ પ્રયાસો કરી રહ્યા છે. તેઓ કોઈ પણ કાર્યક્રમમાં વ્યસન સંદર્ભે વાત કરે છે અને જાગૃતતા લાવવાનો પ્રયાસ કરે છે. તેમના નેતૃત્વ હેઠળ બનાસ ડેરી બનાસકાંઠા જિલ્લામાં વ્યસનમુક્તિ અભિયાન ચલાવે છે, જેના અંતર્ગત વ્યસન કરતા લોકોને જાગૃત કરાય છે, રોગથી પીડાતા લોકોને સારવાર અપાય છે અને સમગ્ર જિલ્લાને વ્યસનમુક્ત બનાવવાનો પ્રયાસ કરાય છે. આજનો માનવી સમયની સાથે તાલ મિલાવીને કાર્ય કરે છે. ઘણી વખત આવું કરવા જતાં તે નાસીપાસ થઈ જાય છે તો ક્યારેક કંટાળી જાય છે. તેના માથે પોતાના ઘર, કુટુંબ, પરિવારનું ભરણ-પોષણ કરવાની જવાબદારી વધી જાય છે. સમાજમાં આગળ આવવા માટે તે સતત મહેનત કર્યા કરે છે. આમ કરતાં તે ક્યારેક વ્યસનનો ભોગ બની જાય છે તો ક્યારેક વ્યક્તિ દિવસભર મહેનત, મજૂરી, નોકરી કરીને સાંજે થાક ઉતારવા બીડી, સિગારેટ, તમાકુનું સેવન કરવા લાગે છે. ક્યારેક દારૂ પીવા લાગે છે, તેમ કરતાં તેને એમ લાગે છે કે તેનો થાક ઊતરી જાય છે. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ એમ ધીમે ધીમે તે વ્યસની બની જાય છે. કોઈક મનુષ્ય કોઈક માનસિક તણાવથી પણ મુક્ત થવા વ્યસનનો આશરો લે છે. મનુષ્ય જન્મથી જ વ્યસની નથી હોતો. તે સમય-સંજોગોને આધીન વ્યસનનો આશરો લે છે. અપવાદરૂપે કોઈક કુટુંબોમાં વડીલો, આગેવાનો તેમજ સગાંસંબંધીઓને તમાકુ, બીડી, સિગારેટ, દારૂનું વ્યસન કરતાં જોઈ નાનાં બાળકો નાનપણથી જ તે માર્ગ અપનાવવા લાગે છે. મા-બાપ અભણ, નિરક્ષર હોવાથી તેને તેમ કરતાં રોકી શકતાં નથી. કોઈ પણ ચીજ (વસ્તુ)નું સેવન વારંવાર કર્યા વિના ચાલે નહીં એવી સ્થિતિનું નિર્માણ થાય ત્યારે માણસ એ ચીજવસ્તુનો વ્યસની થઈ ગયો છે એમ કહેવાય. હકીકતમાં વ્યસનથી નથી દુઃખ જતું કે નથી મળતું સુખ. વ્યસન તો વધારે દુઃખ આપનાર અને પરિવારનું સુખ ઝૂંટવી લેતો એક નશો છે.






વ્યસન એટલે કે ભગવાને આપેલા તંદુરસ્ત શરીરને નાદુરસ્ત કરવાનો માર્ગઃ ચેરમેન શ્રી શંકરભાઈ

માનવીના જીવનમાં તકલીફો આવે છે ત્યારે તેનાથી દૂર જવા અને બચવા માણસ વ્યસનનો સહારો લે છે. વ્યસનના નશામાં ડૂબી જઈ થોડા સમય માટે માણસ તેના દુઃખને ભૂલી જવાનો પ્રયાસ કરે છે, જ્યારે અમુક લોકો બે ઘડી આનંદ માણવા અથવા મોજશોખ ખાતર પણ વ્યસન કરે છે પણ તેમને ખબર હોતી નથી કે તેઓ તેનાથી ધીરે ધીરે બરબાદ થઈ રહ્યા છે. માણસ પોતાની કમાણી તેની પાછળ વેડફે છે, તકલીફોને આવકારે છે, શરીર બગાડે છે, પરિવારને મુશ્કેલીમાં નાખે છે, દુઃખી થાય છે અને છેવટે મૃત્યુને વહેલું બોલાવે છે એવું બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું કહેવું છે. વધુમાં તેઓ જણાવે છે કે આજકાલ નાનાં નાનાં ફૂલ જેવાં કોમળ ભૂલકાંઓ પણ તમાકુ-ચૂનો, પાન-મસાલા, ગુટખાનાં બંધાણી બનવા માંડ્યાં છે. ફક્ત મોટાં શહેરોમાં જ નહિ, પરંતુ નાનાં નાનાં ગામડાંનાં બાળકો પણ ચોરીછૂપી આનો શિકાર બનવા લાગ્યાં છે. જો કોઈ વ્યક્તિએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું હોય, સારું જીવવું હોય તો વ્યસનોથી દૂર રહેવું જ જરૂરી છે. પ્રભુએ આપણને આ મહામૂલો મનુષ્ય અવતાર આપ્યો છે અને તેમાંય સુખ-સંપત્તિ બક્ષી છે. મનુષ્ય સામાજિક સંબંધોના રીતરિવાજોમાં ખોવાઈ ગયો છે, જેનાથી પર રહીને સુખમય જીવન, આનંદમય જીવન, આશામય જીવન, અમૃતમય જીવન, ઈશ્વરમય જીવન જીવવું હોય તો વ્યસનનું આગમન આપણા આંગણે કદી પણ થવા દેશો નહીં. કુદરતે બક્ષેલું આ જીવન ફક્ત જેમ તેમ જીવવા માટે નથી. દરેક વ્યક્તિ તેને જીવે છે, પરંતુ જીવન કેવી રીતે જીવવું તે અગત્યનું છે.

## વ્યસન છોડી પરિવારને બચાવો



ભારતમાં દર વર્ષે કરોડો રૂપિયાની સિગારેટ પીવાતી હશે અને એ જ સિગારેટ પીવાથી થતા રોગોને મટાડવા પણ કરોડોનો ખર્ચ થતો હશે. જો આટલું ધન બચાવી શકાય તો એનાથી આર્થિક સમસ્યા ઉકેલી શકાય. ધૂમ્રપાનથી સમય અને નાણાંનો બગાડ થાય છે. કેન્સર અને ક્ષયના દર્દીઓમાંથી મોટા ભાગના દર્દીઓ વ્યસની હોય છે. ધૂમ્રપાનના કારણે દેશમાં દર વર્ષે લગભગ લાખો લોકો અકાળે મૃત્યુ પામે છે. બનાસકાંઠા જિલ્લાના યુવાનો વ્યસનના રવાડે ના ચઢે તથા જે લોકો વ્યસની બની ગયા છે તેમને વ્યસન છોડાવવા અને જીવન સારું બનાવવા બનાસ ડેરી થકી અનેક મદદ

કરવામાં આવી રહી છે. જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં પણ ડોક્ટરો દ્વારા યુવાનોને માર્ગદર્શન આપવામાં આવે છે. યુવાધનને વ્યસનથી દૂર રાખવા માટે અનેક પ્રકારના કાર્યક્રમો અને બેનરો લગાવીને તેમનામાં વ્યસન અંગેની જાગૃતતા લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. શિક્ષણ સંસ્થા શરૂ કરવામાં આવી છે, જેથી યુવાનો શિક્ષણ મેળવતા થાય અને વ્યસનના રવાડે ના ચઢે. બનાસ ડેરી થકી અનેક રોજગારીની તકો આપવામાં આવે છે, જેના કારણે યુવાનો પોતાના જીવન સાથે સારું કરે અને વ્યસન ના રવાડે ના ચઢે. વ્યસન એ મનુષ્ય માટે કલંકરૂપ છે, કારણ કે તે હંમેશાં માનવને ભગવાનથી, માનવતાથી, પરિવારથી, મિત્રોથી અને આ દુનિયાથી દૂર કરે છે.



## બનાસકાંઠા જિલ્લાને વ્યસનમુક્ત કરવા બનાસ ડેરીની સરાહનીય કામગીરી

બનાસ ડેરી થકી જિલ્લાના યુવાવર્ગને અને અન્ય જે લોકો વ્યસની બની ગયા છે કે બની શકે છે તેવા લોકોને નશાથી દૂર રાખવા અને જીવનમાં સારું કરવા વ્યસનમુક્ત અભિયાન અંતર્ગત વ્યસન છોડવાની તાલીમ અને જાગૃતતા ફેલાવવામાં આવે છે. બનાસ ડેરી દર વર્ષે ૩૧ મેના રોજ ‘વિશ્વ તમાકુ નિષેધદિન’ની ઉજવણી કરે છે. બનાસ ડેરીનો આ દિવસ મનાવવાનો મુખ્ય હેતુ એ જ છે કે લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બને અને શરીરને નુકસાન પહોંચાડતી વસ્તુઓથી દૂર રહે. આ જ કારણ છે કે વિશ્વ તમાકુ નિષેધના દિવસે ઘણાં જાગૃતિ અભિયાનો દ્વારા તમાકુના સેવનથી સ્વાસ્થ્યને થતા નુકસાન અંગે લોકોમાં જાગૃતિ ફેલાવે છે અને તેનાથી શરીરમાં થનાર જીવલેણ પ્રભાવો અંગે સમજાવવામાં આવે છે. નશામુક્ત બનાસકાંઠા અભિયાન હેઠળ વ્યસન કરતી વ્યક્તિઓ અને યુવાનોને માર્ગદર્શન આપવા બનાસ ડેરી જુદા જુદા વકતાઓ તેમજ વિષય નિષ્ણાતોને નશામુક્તિ વિષય પર પ્રવચન આપવા બોલાવે છે. હોર્ડિંગ લગાવીને વ્યસન કરવાથી થતા રોગો અને નુકસાન અંગે સમજાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. કોઈ વ્યક્તિ વ્યસનની કુટેવમાં ફસાયેલ હોય તો તેને નિષ્ણાતની મદદ અપાય છે અને માર્ગદર્શન થકી વ્યસન છોડાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. બનાસ ડેરીના કેમ્પસની અંદર દરરોજ લોકોની તપાસ કરવામાં આવે છે અને જો કોઈ વ્યક્તિ પાસેથી વ્યસન કરવાની ચીજવસ્તુ મળી આવે તો તેને લઈ લેવામાં આવે છે અને વ્યક્તિને નોટિસ આપવામાં આવે છે, જેથી તે આગળથી વ્યસન ના કરે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ મનોચિકિત્સા વિભાગ હેઠળ ઓગસ્ટ-૨૦૨૦થી વ્યસનમુક્તિ સારવાર કેન્દ્ર ચલાવે છે. આ કેન્દ્રમાં આલ્કોહોલ, તમાકુ, ઓપીયોઈડ્સ, બેન્ઝોડિએઝેપાઈન્સ, કેનાબીસ વગેરે વ્યસનથી પીડાતા દર્દીઓની નોંધણી કરીને તેમને સારવાર આપવામાં આવે છે.

વ્યસન સામે લડવા માગતા અથવા વ્યસન છોડાવવા માટે અહીંયાં આવતા લોકોને સાઈકિયાટ્રિક, મેડિટેશન અને પૂરતું માર્ગદર્શન આપવામાં આવે છે. કેટલીક વ્યક્તિઓને વોર્ડની અંદર રાખીને સારવાર આપવામાં આવે છે. આ સમગ્ર પ્રોસેસની વાત કરીએ તો પહેલાં વ્યસન કરતી વ્યક્તિને સમજાવીને વ્યસન છોડવા માટે સમજાવવામાં આવે છે અને જ્યારે તે વ્યસન છોડવા માટે તૈયાર થાય છે ત્યારે તેને અહીંયાં સાઈકિયાટ્રિસ્ટ દ્વારા સમજાવવામાં આવે છે અને વ્યસન કરવાથી શું ખરાબ અસર થાય છે અને વ્યસન છોડવાથી શું શું ફાયદાઓ થાય અને જીવન કઈ રીતે સારું બને છે તે બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. તેઓને વ્યસન છોડવા માટે પ્રોત્સાહન સાથે સમજણ પૂરી પાડવામાં આવે છે તેમજ જરૂર લાગે ત્યાં સુધી માર્ગદર્શન આપવામાં આવતું રહે છે. સાઈકોથેરાપી વ્યસન કરતી વ્યક્તિને વ્યસન છોડવામાં મદદ કરે તેમજ સમાજની અંદર તેની ખોવાયેલી છબીને પાછી મેળવવા માટે મદદ કરે છે અને તેના અને તેના નજીકના સંબંધીઓના જીવનને ખૂબ સારું બનાવે છે. અહીંયાં ગ્રૂપ થેરાપીનું પણ આયોજન કરવામાં આવે છે, જેની અંદર દરેક વ્યસન કરતી વ્યક્તિ પોતાનો અનુભવ બધાં સમક્ષ રજૂ કરે છે અને વ્યસનમુક્ત જીવન મેળવવા માટે બધાંને પ્રેરણા પૂરી પાડે છે.



# પૂજ્ય સંતશ્રી મોરારિબાપુજીનાં ચરણોમાં વંદન કરતા ચેરમેન શ્રી શંકરભાઈ



**વ્યાસપીઠ પર પૂજ્ય સંતશ્રી મોરારિબાપુ બિરાજમાન હોય અને ‘રામકથા’નું પઠન થઈ રહ્યું હોય તો સમગ્ર વાતાવરણમાં ‘રામ’ નામની અલૌકિક ઊર્જાની અનુભૂતિ થવા લાગે છેઃ ચેરમેન શ્રી શંકરભાઈ**

વ્યાસપીઠ પર પૂજ્ય સંતશ્રી મોરારિબાપુ બિરાજમાન હોય અને ‘રામકથા’નું પઠન થઈ રહ્યું હોય તો સમગ્ર વાતાવરણમાં ‘રામ’ નામની અલૌકિક ઊર્જાની અનુભૂતિ થવા લાગે છે. નવસારી ખાતે આવા જ એક દિવ્ય માનસ ગૌરી સ્તુતિ-રામકથા પ્રસંગમાં સાક્ષાત્કાર કરવાનું ૨૫ માર્ચ, ૨૦૨૩ના રોજ બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ શુભ પ્રસંગમાં ચેરમેનશ્રીના નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા કરવામાં આવેલાં વિકાસલક્ષી કાર્યો, સર્વાંગી સુખાકારીનાં કાર્યો, પશુપાલકહિતલક્ષી અને ખેડૂતહિત લક્ષી કાર્યોની પ્રશંસા કરવામાં આવી હતી. ચેરમેનશ્રીની પ્રશંસા કરતાં કહેવામાં આવ્યું હતું કે બનાસ ડેરીના ચેરમેનશ્રી સૌ ભક્તગણ વચ્ચે કથાનું શ્રવણ કરવા આવ્યા એ આનંદની વાત છે. તેમણે સરકાર અને સહકારમાં રહીને પોતાની તમામ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી તો છે, પરંતુ એવાં એવાં કામો કર્યાં છે, જે વર્ષો સુધી યાદગાર રહેશે અને આવનાર પેઢી માટે ફાયદારૂપ બનશે. વિચરતી જાતિને પોતાની ૧૦ વીઘા જમીન આપી તે લોકોને કાયમી સરનામું આપવાનું કલ્યાણકારી કાર્ય કર્યું, શિક્ષણ આપ્યું અને જીવન આપ્યું છે. **પૂજ્ય સંત મોરારિબાપુએ કથામાં આપેલા ‘સર્વજન હિતાય અને સર્વજન સુખાય’નો સોનેરી મંત્રઃ** સંયમ જાળવીને ચેરમેનશ્રીએ આ દિશામાં કામ શરૂ કરી દીધું છે. સૂકા વિસ્તારને હરિયાળો બનાવવા અને ગ્રીન એનર્જીને વિકસાવવા માટે તેઓ પ્રયત્નશીલ છે. બનાસકાંઠા જિલ્લાના ડરેલ ગામમાં અમૃત તળાવ બનાવી જળ બચાવવા અને ખેડૂતને સિંચાઈનું પાણી પૂરું પાડવા સતત કાર્ય કરી રહ્યાં છે. બનાસકાંઠા જેવા સૂકા વિસ્તારને હરિયાળો બનાવવા ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષ વાવવાનો સંકલ્પ કર્યો છે, જે હેઠળ કરોડો વૃક્ષોનું વાવેતર કરી દેવામાં આવ્યું છે. આ સરાહનીય અને પ્રકૃતિપ્રેમીનું રામકથામાં ઉપસ્થિત હોવું એ ગર્વની વાત છે, એવું માનસ ગૌરી સ્તુતિ-રામ કથા પ્રસંગમાં ચેરમેનશ્રી માટે કહેવામાં આવ્યું હતું.

# પૂજ્ય સંતશ્રી મોરારિબાપુજી વ્યાસપીઠ પરથી રામમય જીવન અને જ્ઞાનની ગંગા વહેવડાવી રહ્યા છેઃ ચેરમેન શ્રી શંકરભાઈ



નવસારી ખાતે ૨૫ માર્ચના રોજ આયોજિત રામકથાના શુભ પ્રસંગમાં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ ઉપસ્થિત રહીને પરમ પૂજ્ય સંતશ્રી મોરારિબાપુનાં ચરણોમાં વંદન કર્યાં હતાં. તેઓશ્રીએ શુભ પ્રસંગમાં ઉપસ્થિત સૌ ભકતગણોને સંબોધિત કરતાં કહ્યું હતું કે છેલ્લા છ-છ દાયકાથી પૂજ્ય સંત શ્રી મોરારિબાપુ રામાયણ અને રામમય જીવન જીવી રહ્યા છે તેમજ જન-જન સુધી પહોંચાડી પણ રહ્યા છે. લોકો સુધી ધનનું સુખ, મનનું સુખ અને બુદ્ધિ તેમજ આત્માનું સુખ પહોંચે તે માટે મોરારિબાપુજી સતત વ્યાસપીઠ ઉપરથી જ્ઞાનની ગંગા વહેવડાવી રહ્યા છે. આનંદની લાગણી વ્યક્ત કરતાં ચેરમેનશ્રીએ કહ્યું હતું કે મારું સૌભાગ્ય છે કે વ્યાસપીઠ પર પરમ પૂજ્ય શ્રી મોરારિબાપુજી બિરાજમાન છે અને મને એમના સાંનિધ્યમાં, એમનાં ચરણોમાં રામકથા શ્રવણ કરવાનો શુભ અવસર પ્રાપ્ત થયો છે. એમના સાંનિધ્યમાં મને બે શબ્દો બોલવાની જે તક મળી છે એ મારા માટે આશીર્વાદરૂપ છે. પરમ પૂજ્ય બાપુ જીવનના છેલ્લા છ-છ દાયકાઓથી એટલે કે છેલ્લી ત્રણ પેઢીઓના જીવનને રામમય બનાવવામાં સક્રિય રહ્યા છે. તેમણે શ્રોતાઓને કથા થકી દર વખતે કંઈક નવું નવું જ્ઞાન આપીને ઊર્જાનો સંચાર કર્યો છે. એક પથ્થર ઉપર સતત પાણી પડે અને ઘાટ પડી જાય એ રીતે પરમ પૂજ્ય શ્રી મોરારિબાપુજીએ પણ વ્યાસપીઠ પરથી જ્ઞાનની ગંગા વડે અનેકનાં જીવન બદલ્યાં છે. જે લોકોને બાપુજીના સાંનિધ્યમાં કથા શ્રવણ કરવાની તક મળી છે તેઓ ખરેખર ભાગ્યશાળી છે. હું યુટ્યૂબમાં અથવા પ્રત્યક્ષ રીતે એમની કથા સાંભળવા પ્રયાસ કરતો રહું છું.

માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રામકથા પ્રસંગ સંદર્ભે વાત કરતાં કહ્યું હતું કે આજના આધુનિક અને યુગમાં હરીફાઈના જમાનામાં બાપુજી સાહિત્ય સાથે આપણી સંસ્કૃતિ, સભ્યતા અને સંસ્કારોથી કરોડો લોકોને અવગત કરાવે છે, તેની સુગંધ પ્રસરાવે છે. જે અમૃતરૂપી જ્ઞાનનો રસ શાસ્ત્રોમાં છે, એને જન-જન સુધી પહોંચાડી રહ્યા છે. પરમ પૂજ્ય મોરારિબાપુજીએ રામાયણની સાથે-સાથે સાહિત્ય કલા માટે આપેલી સેવા ઐતિહાસિક છે. સાહિત્ય અને કલા ધીમે ધીમે લુપ્ત થતાં હતાં તેવા સંજોગોમાં વ્યાસપીઠ ઉપરથી રહીને જે સાહિત્યની સેવા કરી છે બાપુએ, એને તો ઇતિહાસમાં અલગ રીતે લખવું ઘટે. આ જ તો આપણો હિન્દુસ્તાનનો શોક પાવર છે. આખી દુનિયા હિન્દુસ્તાનના શોક પાવરની જ્યારે કલ્પના કરે છે ત્યારે આ જ બાબત છે અને આ જ કારણે હિન્દુસ્તાન અને આપણી સંસ્કૃતિ સતત ટકી રહી છે.



સવારથી કરીને સતત બધી બાબતોને બાજુમાં મૂકીને એક મન બનીને બધાં રામમય બને અને ભગવાન વિષ્ણુનો અવતાર મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામ એમના મય બની જીવનપદ્ધતિ પોતે ડેવલપ કરે. રામાયણની અંદરથી ધર્મ શું છે, નાગરિકનો ધર્મ શું છે, સંસ્કાર શું છે એ અંગેનું જ્ઞાન સતત મળ્યા કરે છે, જે સંત શ્રી મોરારિબાપુ આપણ સૌને પૂરું પાડી રહ્યા છે. સતત આ જ્ઞાનની અવિરત ગંગા વહેતી રહે છે. આ શુભ પ્રસંગમાં ઉપસ્થિત સૌ શ્રોતાગણને, રામભક્તો તેમજ પરમ પૂજ્ય સંત શ્રી મોરારિબાપુનાં ચરણોમાં ચેરમેનશ્રીએ હૃદયપૂર્વકનાં વંદન કર્યાં હતાં અને સંતશ્રીના સાંનિધ્યમાં રામકથા શ્રવણ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું, એ માટે પોતાને ભાગ્યશાળી માનીને ઈશ્વરનો આભાર વ્યક્ત કર્યો હતો.



# બનાસકાંઠા માટે ગૌરવભરી ક્ષણ



બનાસ ડેરીના પાંચ લાખ કરતાં વધુ પશુપાલક પરિવારોના આર્થિક યોગદાન થકી ચાલતી દેશની એકમાત્ર ખેડૂતોની માલિકીની બનાસ મેડિકલ કોલેજની ૨૦૧૮ની પ્રથમ બેન્ચનું પરિણામ ૯૩.૭૫ ટકા આવ્યું છે તેમજ કોલેજની વિદ્યાર્થીની મિસ અકબાની નગમા રફીકભાઈએ ૯૦૦ ગુણમાંથી ૬૫૭ ગુણ મેળવી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી પરિવાર સહિત બનાસ મેડિકલ કોલેજનું નામ રોશન કર્યું છે, જેના થકી જિલ્લાના શિક્ષણ ક્ષેત્રની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે. શ્રી શંકરભાઈ ચૌધરીએ તબીબી સેવા, શિક્ષણ અને વ્યવસ્થા સંદર્ભે કરેલી ચિંતા તથા કાર્યોનું આ સરાહનીય પરિણામ છે. પશુપાલકોનાં બાળકો તેમજ અન્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ખેડૂતોની સંસ્થામાં તબીબી શિક્ષણ પ્રાપ્ત કરી ઉજ્જવળ ભવિષ્ય બનાવે, સમાજનું નામ રોશન કરે તે માટે બનાસ મેડિકલ કોલેજ કટિબદ્ધ છે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લામાં આધુનિક હોસ્પિટલ લાવવા અને પશુપાલકોનાં બાળકોને તબીબી શિક્ષણ જિલ્લાની અંદર જ મળી રહે તે માટે અથાગ મહેનત, પરિશ્રમ અને પ્રયાસો કરીને મેડિકલ કોલેજની પરવાનગી સરકારશ્રી પાસેથી લાવી જિલ્લાના મોરિયા ખાતે લોકભાગીદારીથી આધુનિક સુવિધાથી સજ્જ બનાસ મેડિકલ કોલેજનું નિર્માણ કર્યું. પાંચ લાખ કરતાં પણ વધુ પશુપાલક પરિવારોના આર્થિક યોગદાન થકી ચાલતી પશુપાલકોની માલિકીની સમગ્ર ભારતભરની એકમાત્ર બનાસ મેડિકલ કોલેજ શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ મોરિયા ખાતે કાર્યરત છે, જેમાં રાજ્ય વિદ્યાર્થીઓને તબીબી અભ્યાસ માટે મોંઘીદાટ ફી ભરીને ગુજરાત બહારનાં રાજ્યોમાં ન જવું પડે તે માટે ઘરઆંગણે જ તબીબી શિક્ષણની સુવિધા પૂરી પાડવા માટે બનાસ ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા તા. ૩૧-૦૫-૨૦૧૮ના રોજ બનાસ મેડિકલ કોલેજ & રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવામાં આવી હતી. બનાસવાસીઓનાં સંતાનોને MBBSનું શિક્ષણ ઘરઆંગણે મળી રહે તથા આ જિલ્લાના લોકોને અત્યંત આધુનિક તબીબી સારવાર મફત મળી રહે તેવા ઉમદા આશયથી બનાસ મેડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવી હતી. રાજ્યના છેવાડાની વ્યક્તિને ગુણવત્તાયુક્ત નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ મળી રહે તેવા વિઝનની સાથે આજે બનાસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે પણ કાર્યરત છે, જેમાં હજારો દર્દીઓને નિઃશુલ્ક તબીબી સારવાર આપવામાં આવી રહી છે. બનાસ મેડિકલ કોલેજ, મોરિયાની ૨૦૧૮ની પ્રથમ બેચનું રિઝલ્ટ ૯૩.૭૫ ટકાની સાથે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સંલગ્ન ચાલતી બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ મોરિયાની વિદ્યાર્થિની મિસ અકબાની નગમા રફીકભાઈ ૯૦૦ ગુણમાંથી ૬૫૭ ગુણ મેળવી યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકે આવતાં તેના પરિવાર સહિત બનાસ મેડિકલ કોલેજનું નામ રોશન કર્યું છે. વધુમાં બનાસ મેડિકલ કોલેજના ચેરમેનશ્રી પી.જે. ચૌધરીએ એમ.બી.બી.એસ.ના ભાવિ ડોક્ટરો વિવિધ ક્ષેત્રે આગળ વધે અને સમાજ-પરિવાર તેમજ સંસ્થાનું નામ રોશન કરે તેવી ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

# મહિલા આરોગ્ય તપાસ કાર્યક્રમ સ્વચ્છ બનાસથી સ્વચ્છ ગુજરાતની દિશામાં





થરાદ તાલુકાના બુઢનપુર ખાતે ૩ એપ્રિલના રોજ બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, પાલનપુર દ્વારા મહિલા આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. છેવાડાનાં ગામડાંઓમાં રહેતી માતા-બહેનોના સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવી એ આપણા સૌની ફરજ છે. આવનાર સમયમાં વધુ પ્રકારના નિદાન કેમ્પ ગ્રામ્ય સ્તરે યોજવા માટે બનાસ મેડિકલ કોલેજ, મોરિયા કટિબદ્ધ છે. ગયા વર્ષે માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દૂધદિનની ઉજવણીમાં જણાવ્યું હતું કે બનાસકાંઠા વિસ્તારના મહિલાઓના આરોગ્યની ચિંતા બનાસ મેડિકલ કોલેજ દ્વારા કરવામાં આવી રહી છે, એમના આરોગ્યને ધ્યાનમાં રાખીને ખાસ પ્રકારનું કેમ્પિંગ પણ શરૂ કરવામાં આવશે, જેમાં ખાસ મહિલાના આરોગ્યની તપાસ કરવામાં આવશે, વ્યવસ્થા ઊભી કરી સારવાર કરવામાં આવશે અને જો કોઈ ગંભીર બીમારી જણાશે તો તેની કાળજી પણ રાખવામાં આવશે.

ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ, મોરિયા દ્વારા અવારનવાર બનાસકાંઠા જિલ્લાનાં અલગ અલગ ગામોમાં આરોગ્ય તપાસના કેમ્પ યોજવામાં આવે છે, જેમાં નાના બાળકથી લઈને વૃદ્ધોના આરોગ્યની તપાસ કરી જરૂરી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સ્વચ્છતા અને સ્વાસ્થ્યની જાળવણીમાં ખૂબ માને છે. તેમના જ માર્ગદર્શન હેઠળ ગામડાંઓમાં આરોગ્ય તપાસના કાર્યક્રમો યોજવામાં આવે, જેથી જરૂરિયાતમંદને નિઃશુલ્ક સારવાર મળી રહે અને ખેડૂત, પશુપાલક પણ સ્વસ્થ અને મસ્ત રહે.





# બનાસ ડેરી પર મા અંબાના આશીર્વાદ

## શક્તિપીઠ અંબાજીમાં સ્થાપિત થનાર વિશ્વનું સૌથી મોટું 'શ્રીયંત્ર' બનાસ ડેરીના પટાંગણમાં



આદ્યશક્તિ મા અંબાના ધામ અંબાજી ખાતે આવનારા સમયમાં વિશ્વનું સૌથી મોટું 'શ્રીયંત્ર' સ્થાપિત થવા જઈ રહ્યું છે ત્યારે આજે 'શ્રીયંત્ર' લઈને ૧૧ હજાર કિ.મી. ચારધામ યાત્રાએ નીકળેલી ટીમે બનાસ ડેરીના પટાંગણમાં પધારી ભોજન-પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને ડેરીના કર્મચારીઓને પણ શ્રીયંત્રદર્શનનો લાભ પ્રાપ્ત થયો. 'શ્રીવિદ્યા'માં જણાવ્યા મુજબ 'શ્રીયંત્ર' મેરુ, ભૂપૃષ્ઠ અને કૂર્મપૃષ્ઠ એમ ત્રણ પ્રકારનાં હોય છે, જેમાં સૌથી શ્રેષ્ઠ અને ઉચ્ચ મેરુ 'શ્રીયંત્ર' કહેવાય છે, જે પિરામિડ આકારનું હોય છે. જ્યારે ભૂપૃષ્ઠ યંત્ર જમીનને અડકેલું અને કૂર્મપૃષ્ઠ 'શ્રીયંત્ર' કાચબાની પીઠ જેવું ઉપસેલું હોય છે. 'શ્રીયંત્ર'ની દેવી લલિતા ત્રિપુરા સુંદરી કહેવાય છે, જેમને માતા લક્ષ્મી અને સરસ્વતી ચામર ઢોળે છે.

'શ્રીયંત્ર'ની પ્રતિકૃતિ સમાન મેરુ 'શ્રીયંત્ર' સાથે ચારધામની યાત્રા કરવામાં આવશે, જેમાં એકાદ મહિના જેટલો સમય લાગશે અને ૧૧ હજાર કિલોમીટરની યાત્રા બનશે. આ પવિત્ર કાર્ય માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ સમગ્ર નિયામક મંડળ અને લાખો પશુપાલકો વતી મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈએ શુભકામનાઓ પાઠવી હતી.



# આટા પ્લાન્ટ, બનાસ ડેરી

## ખેડૂતોના સર્વાંગી વિકાસનું એક સીમાચિહ્નરૂપ
















ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં પશુપાલકો અને ખેડૂતોની સમૃદ્ધિની દિશામાં કટિબદ્ધ બનાસ ડેરીના વધુ એક સાહસ. બાદરપુરા ઓઇલ સંકુલ ખાતે બનાસ ડેરીની આધુનિકતા અને આત્મનિર્ભરતા દર્શાવતા આટા પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટ પ્રગતિ, સુખાકારી અને સધ્ધરતાનું પ્રતીક બની રહેશે.



# બનાસ સંકુલ, સણાદર

નવભારત નિર્માણના પ્રણેતા અને વિકાસપુરુષ તથા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના શુભ હસ્તે દિયોદર તાલુકાના સણાદર ખાતે માત્ર દોઢ વર્ષની અંદર ૧૫૧ વીઘામાં નિર્માણ પામેલા બનાસ ડેરી સંકુલનું લોકાર્પણ કરવામાં આવ્યું. દિયોદર જેવા નાના તાલુકામાં બનાસ ડેરીનો પ્લાન્ટ બનવાથી ખેડૂતોની આવક બમણી કરવાનું મોદી સાહેબનું સપનું સાકાર થઈ રહ્યું છે, આ વિકાસયાત્રાને ગતિ મળશે, બનાસકાંઠા જિલ્લામાં આર્થિક ઉન્નતિનાં દ્વાર ખૂલ્યાં છે અને સકારાત્મક પરિવર્તનનો પવન ફૂંકાયો છે. આ સંકુલમાં પ્રતિદિન ૩૦ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ, ૮૦ ટન માખણ, ૧ લાખ લિટર આઈસક્રીમ, ૨૦ ટન માવો અને ૬ ટન ચોકલેટનું ઉત્પાદન કરવામાં આવે છે, સાથે ભવિષ્યમાં આવશ્યકતા પ્રમાણે ૫૦ લાખ લિટર પ્રતિદિવસ દૂધનું સંવર્ધન કરી શકાય એ પ્રમાણે આ સંકુલનું વિસ્તૃતીકરણ કરવામાં આવ્યું છે.

